આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




# દમણમાં ૩૪૨ બેડની નમો મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્ઘાટન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** દમણના મારવાડ ખાતે ૩૪૨ પથારીની ક્ષમતા ધરાવતી વિશ્વ કક્ષાની નમો મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલનું ગુરુવારે ઔપચારિક ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલના ઉદઘાટન સાથે, વલસાડ જિલ્લાના વાપી ઔદ્યોગિક વિસ્તારના લોકોને આધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેમાં દમણ અને ગુજરાતના આસપાસના ગામોનો સમાવેશ થાય છે.







કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલે હોસ્પિટલના ઉદ્ઘાટન પ્રસંગે મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, તેમણે 'બેટી જન્મ મહોત્સવ'ના ભાગ રૂપે નવજાત છોકરીઓ અને તેમના પરિવારોને અભિનંદન કીટનું વિતરણ કર્યું હતું. પ્રશાસકે હોસ્પિટલમાં દાખલ દર્દીઓ સાથે મુલાકાત કરી તેમના સ્વાસ્થ્ય અને સારવાર વિશે પૂછપરછ કરી, અને દર્દીઓ અને તેમના પરિવારોને ફળોની ટોપલીઓનું પણ વિતરણ કર્યું હતું.

નમો હોસ્પિટલ મલ્ટી-સ્પેશિયાલિટી ઓપીડી અને આઈપીડી, સર્જરી, ક્રિટિકલ કેર, ટ્રોમા કેર, ક્રિટિકલ કેર, નવજાત સઘન સંભાળ, ડાયાલિસિસ, માતૃત્વ અને બાળ આરોગ્ય સેવાઓ, આધુનિક નિદાન સુવિધાઓ, પ્રયોગશાળા, બ્લડ બેંક, ડેન્ટલ અને ફિઝીયોથેરાપી જેવી સુવિધાઓ પૂરી પાડે છે. આ હોસ્પિટલ દવા, શસ્ત્રક્રિયા, ઓર્થોપેડિક્સ, પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન, નેત્રરોગવિજ્ઞાન, મનોચિકિત્સા, ઈએનટી, ફિઝીયોથેરાપી અને ડેન્ટલ સહિત મુખ્ય તબીબી વિશેષતાઓમાં સારવાર પ્રદાન કરશે. હોસ્પિટલમાં ૧૯૨ જનરલ બેડ, ૨૪ ડિલક્સ અને સ્યુટ રૂમ અને ૨૪ આઉટપેશન્ટ અને આઉટપેશન્ટ કન્સલ્ટેશન ચેમ્બર છે. ડિલક્સ અને સ્યુટ રૂમ તમામ જરૂરી દર્દી સંભાળ સુવિધાઓથી સજ્જ છે. હોસ્પિટલમાં ૩૦ બેડનો પુખ્ત વયના ICU, ૩૨ બેડનો નવજાત સઘન સંભાળ એકમ (NICU), ૧૨ બેડનો એડવાન્સ્ડ ટ્રોમા ICU અને ગંભીર રીતે બીમાર દર્દીઓની સારવાર માટે ૧૪ બેડનો ડાયાલિસિસ યુનિટ છે. ૧૪ બેડનો બર્ન વોર્ડ અને સાત મોડ્યુલર ઓપરેટિંગ થિયેટરો પણ હોસ્પિટલની મુખ્ય સુવિધાઓમાં સામેલ છે. ૩૪૨ બેડની આ હોસ્પિટલ દમણના આરોગ્યસંભાળ માળખાના વિસ્તરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. તે દર્દીઓને ગંભીર બીમારીઓ, કટોકટીની સારવાર, શસ્ત્રક્રિયા અને માતા અને બાળ આરોગ્ય સેવાઓ માટે સ્થાનિક સ્તરે વધુ સારી અને વધુ આધુનિક તબીબી સંભાળ પૂરી પાડશે.

# વાપીમાં ડેવલપરોને ૪૦ % જમીન ફાળવણી સામે વાંધો

## વાપી મનપાના વિકાસના આયોજન અંગે બેઠકમાં આગામી વર્ષોના જુના આયોજન સાથે વિકાસ નકશો તૈયાર કરવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આગામી વર્ષોના આયોજનને ધ્યાને લઈ તૈયાર થનારા ડેવલપમેન્ટ પ્લાન (ડીપી) અને ટાઉન પ્લાનિંગ સ્કીમ (ટીપી) અંગે જમીનમાલિકો, લેન્ડ ડેવલપરો, બિલ્ડરો તેમજ નગરજનોના અભિપ્રાય અને સૂચનો મેળવવા માટે વાપીના રોફેલ કોલેજના નામધા કેમ્પસ ખાતે આવેલા પદ્મશ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમ હોલમાં મહત્વપૂર્ણ બેઠક મા અનેક સુચનો વાધો સાથે યોજાઈ હતી.

વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન અને વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વાપીના એક ગામથી શરૂ થયેલા વિકાસથી લઈને નગર પંચાયત, નગરપાલિકા અને હવે મહાનગરપાલિકા સુધીની વિકાસયાત્રા તથા ભવિષ્યના વિકાસની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી.

બેઠકમાં વાપીના વર્ષ ૨૦૦૬માં ચલા-ડુંગરા વિસ્તારના સમાવેશ બાદ વર્ષ ૨૦૨૫માં વાપી તાલુકાના ૧૧ ગામોનો મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવેશ અને વુડામાં પારડી તાલુકાના ટુકવાડા ગામના સમાવેશ સહિતના વિસ્તારોને ધ્યાને લઈ આગામી વર્ષોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રસ્તા, ડ્રેનેજ અને અન્ય સુવિધાઓના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકા વિસ્તારોમાં લાગુ કરવામાં આવેલા ડીપી અને ટીપીના આયોજન અંગે જમીનમાલિકો, લેન્ડ ડેવલોપરો અને બિલ્ડરોએ વિવિધ રજૂઆતો કરી હતી. મોટાભાગના રજૂઆતકર્તાઓએ અગાઉથી જ રોડ, રસ્તા, ડ્રેનેજ, પાર્કિંગ અને કોમન પ્લોટ સહિતની સુવિધાઓ માટે જમીનનો મોટો હિસ્સો ફાળવવામાં આવ્યો હોવાનું જણાવી હવે વધુ ૪૦ ટકા જમીન સરકારને ફાળવવાની જોગવાઈ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

જમીનમાલિકોએ જણાવ્યું હતું કે, અગાઉ જે જમીનોનું ડેવલપમેન્ટ થયું છે તેમાં આશરે ૩૦ ટકા જેટલી જમીન વિવિધ જાહેર સુવિધાઓ માટે લેવામાં આવી છે. ત્યારે હવે વધુ ૪૦ ટકા જમીન ફાળવવાની સ્થિતિમાં જમીનમાલિકો અને ડેવલોપરો સામે મુશ્કેલી ઊભી થઈ શકે છે.

બેઠકમાં એક જમીનમાલિકે વાપી શહેરને રહેણાંક, ઔદ્યોગિક અને કોમર્શિયલ એમ ત્રણ મુખ્ય ઝોનમાં વિભાજિત કરવાની રજૂઆત કરી હતી. જે વિસ્તારમાં જે પ્રકારની પરમિશન જાહેર કરવામાં આવી હોય તે મુજબ જ વિકાસની મંજૂરી આપવી જોઈએ અને રહેણાંક વિસ્તારમાં ઔદ્યોગિક તથા ઔદ્યોગિક વિસ્તારમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓને મંજૂરી આપવી યોગ્ય ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

સાથે જ અગાઉ રાજ્યમાં મહાનગરપાલિકાઓની રચના થયા બાદ કેટલા સમય પછી ડીપી-ટીપીના નિયમો લાગુ કરવામાં આવ્યા હતા તેની માહિતી પણ જાહેર કરવા માંગ કરવામાં આવી હતી.

બિલ્ડર જગદીશ ભાટુએ અગાઉના જૂના વાપી ગામના નકશા અને હાલની સ્થિતિને ધ્યાને લઈ ડીપી અને ટીપી તૈયાર કરવાની જરૂરિયાત દર્શાવી હતી. જ્યારે વાપીના આર્કિટેક એન્જિનિયર અને કન્સલ્ટન્ટ મનીષ શાહે વરસાદી પાણીના નિકાલ માટે સુરત અને અમદાવાદની જેમ કેનાલ તથા કુદરતી ખાંચાઓને વિકસાવી તેના ઉપર રસ્તો બનાવવાની શક્યતા અંગે સૂચન કર્યું હતું. તેવી જ રીતે એક રજુઆતકર્તાએ જણાવ્યું હતું કે વાપીમાં કુદરતી ખનકી અને કાનસ અને નહેર પર દબાણ થયું છે તે દુર કરવાની જરુર છે.



અશોકભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે વાપી શહેરનો વિકાસ થયો છે, પરંતુ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલા ૧૧ ગામડાઓમાં હજુ પૂરતો વિકાસ થયો નથી. તેથી નવા વિસ્તારોમાં પણ પ્રાથમિક સુવિધાઓ અને આયોજનબદ્ધ વિકાસ પર ભાર મૂકવો જરૂરી છે.

બેઠકમાં વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારના તમામ રેવન્યુ રેકોર્ડ અને નકશાઓ એકત્ર કરીને સમગ્ર વિસ્તારને આવરી લેતો વ્યવસ્થિત વિકાસ નકશો તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો. વાપીમાં ક્યાંક ૨૪ મીટર પહોળા રસ્તા છે તો ક્યાંક ખૂબ જ સાંકડા રસ્તાઓ છે. શહેરમાં સતત વધી રહેલા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં રસ્તાઓ પહોળા કરવાની જરૂરિયાત પણ રજૂ કરવામાં આવી હતી.

જમીનદાર અને બિલ્ડર કવલ દેસાઈએ જણાવ્યું હતું કે વાપીના જૂના વિસ્તારોમાં અગાઉથી ટીપી અને ડીપી જાહેર થઈ ચૂક્યા છે. આવા વિસ્તારોમાં ફરીથી નવો નકશો તૈયાર કરવામાં આવશે તો જમીનમાલિકો અને ડેવલોપરો માટે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

વાપીના વિકાસ નકશા અંગે સુરતના કન્સલ્ટન્ટ ડો. ભાસ્કર ભટ્ટ દ્વારા આગામી ૧૦ વર્ષને ધ્યાને લઈ તૈયાર કરવામાં આવી રહેલા વિકાસ નકશાનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. વાપીની વધતી વસ્તી, ટ્રાફિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રસ્તા, ડ્રેનેજ સહિતની જરૂરિયાતોને અનુરૂપ ભવિષ્યનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું.

બેઠકના અંતે જિલ્લા કલેક્ટર તથા સભાના અધ્યક્ષ નીતિન સાંગવાને જણાવ્યું હતું કે, અભિપ્રાય રજૂ કરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ હોવા છતાં જે લોકો પોતાની રજૂઆત કરવા માંગતા હોય તેઓ વાપી મહાનગરપાલિકામાંથી ફોર્મ મેળવી આગામી આઠ દિવસ સુધી પોતાની રજૂઆત કરી શકશે. ઉપરાંત જિલ્લા કલેક્ટર કચેરીમાં પણ રૂબરૂ આવીને રજૂઆત કરી શકાશે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, ટાઉન પ્લાનિંગ વિભાગના ચેરમેન મિતલબેન શાહ, વાપી અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધિકારીઓ, ચૂંટાયેલા સભ્યો, જમીનમાલિકો, બિલ્ડરો, ડેવલોપરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વશિયર-નનકવાડા બ્રિજ વિવાદમાં કલેક્ટર કચેરી બહાર બબાલ

# વલસાડમાં યુથ કોંગ્રેસ અને પોલીસ વચ્ચે ઘર્ષણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ તાલુકાના વશિયર અને નનકવાડા ગામને જોડતા નવનિર્મિત બ્રિજના નિર્માણને લઈ આજરોજ વલસાડ યુદ્ધ કોંગ્રેસના હોદ્દેદારો જિલ્લા કલેકટર કચેરી સામે આમરણાંત ઉપવાસ પર બેસવાના મામલે વલસાડ સીટી પોલીસ તેઓને પરવાનગી ન આપી હોવા તેમ છતાં બેસવાના મામલે પોલીસ અને કોંગ્રેસના કાર્યકર્તા વચ્ચે ભારે ઘર્ષણ ના દ્રશ્યો સર્જાયા હતા. જોકે કોંગ્રેસના બેનર ફાડી નાખવાના મામલે મામલો ઉગ્ર બન્યો હતો.




વલસાડ તાલુકાના વશિયર અને નનકવાડાગામને જોડતા નવનિર્મિત બ્રિજના નિર્માણને લઈને શરૂ થયેલો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. કરોડો રૂપિયાના જાહેર ખર્ચે બનેલો આ બ્રિજ આમ જનતાના ઉપયોગ માટે નહીં પરંતુ કોઈ ખાનગી ફાર્મહાઉસને ફાયદો પહોંચાડવા માટે બનાવવામાં આવ્યો હોવાનો ખુલ્લો આક્ષેપ યુથ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. આ મુદ્દે વિરોધ નોંધાવવા કલેક્ટર કચેરી પર આજરોજ બ્રિજ નિર્માણમાં થયેલા કથિત ભ્રષ્ટાચાર અને ગેરરીતિ સામે યુથ કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી બહાર ભૂખ હડતાળ શરૂ કરવામાં આવી હતી. જોકે, તંત્ર તરફથી આ આંદોલન માટે પૂર્વ મંજૂરી લેવામાં આવી ન હોવાનું જણાવી પોલીસે તાત્કાલિક સ્થળ પર વલસાડ સીટી પોલીસ નો કાફલો પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે યુથ કોંગ્રેસ પ્રમુખ સાદ બોગા અને તાલુકા પ્રમુખ મિત દેસાઈ, જયશ્રીબેન પટેલ, સહિતના મુખ્ય આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસ જ્યારે આંદોલનકારીઓને વાહનમાં બેસાડી રહી હતી ત્યારે કાર્યકરો અને પોલીસ જવાનો વચ્ચે તીવ્ર ખેંચતાણ અને ઘર્ષણ જોવા મળ્યું હતુ. પોલીસની આ કાર્યવાહીથી આક્રોશ બનેલા કોંગ્રેસના કાર્યકરોએ કલેક્ટર કચેરી પરિસરમાં જ ભાજપ સરકાર અને સ્થાનિક તંત્ર સામે જોરદાર બેનરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. યુથ કોંગ્રેસનો સ્પષ્ટ આક્ષેપ છે સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા ખરચીને બ્રિજ તૈયાર કરાયો છે. પોલીસે યુથ કોંગ્રેસ એ લગાવેલા બેનર ફાડી નાખવાના મુદ્દે વલસાડ જિલ્લા કોંગ્રેસનાં અગ્રણીઓમાં ધર્મેશ ઉર્ફે ભોલાભાઈ પટેલ, ગીરીશભાઈ દેસાઈ, સંજયભાઈ ચૌહાણ તથા અન્ય કોંગ્રેસના કાર્યકર્તાઓ એ પોલીસ સાથે મારે ગરબા ગરમી જોવા મળી હતી. આ બ્રિજનો લાભ સામાન્ય ગ્રામજનોને મળવાને બદલે માત્ર અમુક વગદારોના ખાનગી ફાર્મહાઉસ સુધી પહોંચવા માટે જ આપવામાં આવ્યો છે. ઘર્ષણ અને અટકાયતની કાર્યવાહી વચ્ચે પણ યુથ કોંગ્રેસના પ્રતિનિધિમંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

# આજે વલસાડમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ઉજવાશે

## વંદે માતરમનું સામૂહિક ગાન, ડોક્યુમેન્ટરી, નાટ્ય પ્રસ્તુતિ સહિતના કાર્યક્રમ સાથે સાંજે કેન્ડલ માર્ચ પણ નીકળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** ભારતના વિભાજન દરમિયાન અસંખ્ય પરિવારોને સહન કરવી પડેલી પીડા, વિસ્થાપન, સંઘર્ષ અને બલિદાનની સ્મૃતિમાં વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૬-૩૦ કલાકે વલસાડ શહેરના મોરારજી દેસાઈ ઓડિટોરીયમ ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનું આયોજન કરાયુ છે.

વિભાજનની વેદનાને સ્મરીએ, બલિદાનને નમન કરીએ ટેગલાઈન સાથે યોજાનાર આ કાર્યક્રમમાં વિભાજનની કરૂણ યાદોને સ્મરી, તેનો ભોગ બનેલા લાખો નાગરિકોના સંઘર્ષ, ધૈર્ય અને બલિદાનને નમન કરીશુ. સાથે જ આવનારી પેઢીને ઈતિહાસની આ કરૂણ ઘટનાથી પરિચિત કરાવી શાંતિ, એકતા અને માનવતાના મૂલ્યો પ્રત્યે સંકલ્પબધ્ધ થઈશું.

કાર્યક્રમમાં વંદે માતરમ પૂર્ણ સ્વરૂપનું સામૂહિક ગાન કરાશે. વિભાજન વિભીષિકા વિષયક ડોક્યુમેન્ટરીની પ્રસ્તુતિ કરાશે. વિભાજન: એક આતંક વિષય પર નાટક રજૂ કરાશે. સંઘર્ષ ગાથાની પ્રસ્તુતિ કરાશે ત્યારબાદ સાંજે ૭-૩૧ કલાકે મોરારજી દેસાઈ ઓડિટોરીયમથી કેન્ડલ માર્ચનો પ્રારંભ થશે, જે આઝાદ ચોક ખાતે પહોંચશે. જેમાં સૌ વલસાડવાસીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.



### વલસાડના ગૌરવ પંડયાએ મધદરિયેથી સૂર્યગ્રહણનો નજારો મોકલ્યો

સમગ્ર વિશ્વમાં ઉત્તેજના જગાડનાર ખગોળીય ઘટના સંપૂર્ણ સૂર્યગ્રહણ આપણે ત્યાં તો જોવા ન મળ્યું પરંતુ વલસાડના કોંગી અગ્રણી અને એઆઈસીસીના સભ્ય ગૌરવભાઈ પંડયા હાલમાં પરિવાર સાથે વિદેશ પ્રવાસે છે તેમણે ઈટાલી અને સ્પેન વચ્ચે ક્રુઝ પર દરિયાઈ મુસાફરી દરમ્યાન આ સૂર્યગ્રહણના અદભૂત નજારાની ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરી દમણગંગા ટાઈમ્સના વાચકો માટે ખાસ એની ઝલક પાઠવી હતી. જેમાં અસ્તાચળે જઈ રહેલો ગ્રહણગ્રસ્ત સૂર્ય જાણી દરિયામાં કોઈ ચમકદાર હોડી તરી રહી હોય એવું દશ્ય ખડું કરતો હતો

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

# સ્થાનિક સમાચારો
●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

VAPI PAGE 02

Friday 14, August 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


# બીલીમોરામાં 'તિરંગા રેલી' યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** દેશના ૮૦માં સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાન મોદીજીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા દેશવ્યાપી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત બુધવારે બીલીમોરા શહેરમાં એક અદ્ભુત અને અભૂતપૂર્વ દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. આપણી એકતા અને ગૌરવના પ્રતીક એવા રાષ્ટ્રધ્વજને ઘર-ઘરે લહેરાવવાના સંદેશ સાથે યોજાયેલી ભવ્ય રેલીમાં બે હજારથી વધુ ઉત્સાહી દેશપ્રેમીઓ જોડાયા હતા. બુધવાર સવારે બીલીમોરા કોલેજ ખાતેથી શરૂ થયેલી રેલીનું મુખ્ય આકર્ષણ ૭૫ મીટર લાંબો વિશાળ તિરંગો હતો. ભારત માતા અને સ્વતંત્રતા સેનાનીઓની મનોહર વેશભૂષામાં સજ્જ બાળકો, ડીજે મ્યુઝિક સિસ્ટમ પર વાગતા શૌર્યગીતો અને ભારત માતા કી જયના ગગનભેદી નારાઓ સાથે વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. આ યાત્રા કોલેજથી પ્રસ્થાન થઈ ગૌરવપથ, રાજભોગ સર્કલ, એસ.ટી. ડેપો, જવાહર રોડ અને સ્ટેશન મસ્જિદ થઈને શિવાજી પ્રતિમા સ્થળે સંપન્ન થઈ હતી.વી. એસ. પટેલ કોલેજના સંકલનથી શહેરની તમામ શાળાઓ અને કોલેજોમાં દેશભક્તિ આધારિત ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વતંત્રતા સેનાનીઓ અને મહાનુભાવોના પાત્રમાં વિશેષ પ્રતિભા દર્શાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ટ્રોફી એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા. ત્રણ કિલોમીટર લાંબી તિરંગા યાત્રામાં નવસારી જિલ્લા ભાજપ અધ્યક્ષ ભૂરાલાલ શાહ, જીગરભાઈ દેસાઈ, બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, ચીફ ઓફિસર સંદીપ પટેલ, બીલીમોરા ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર પટેલ, કારોબારી ચેરમેન પ્રગ્નેશ પટેલ, ડૉ. સનમ પટેલ, શાંતિલાલ પટેલ, ડૉ. રાજેન્દ્ર ગઢવી, આશુસિંગ લબાના, મનહર (મનાભાઈ) પટેલ, બીવીકે મંડળના ભરતભાઈ અમીન અને જસ્મીન દેસાઈ, બીલીમોરા પીઆઈ અશ્વિન સરવૈયા સહિત એન.સી.સી. કેડેટ્સ, પાલિકા કર્મચારીઓ, શાળા પરિવાર તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. સમગ્ર માર્ગ પર દૂર-દૂર સુધી લહેરાતા તિરંગા અને ગૂંજતા દેશભક્તિના નારાઓએ સ્વતંત્રતા પર્વ પહેલાં જ શહેરમાં ભારે ઉત્સાહ ફેલાવી દીધો હતો.

## મંત્રી સી.આર. પાટીલ દ્વારા સાજે ૪-૪૧ કલાકે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે

# આજથી નવસારીમાં કર્ણાવતી એક્સપ્રેસને સ્ટોપેજ મળશે

**લોકશક્તિ એક્સપ્રેસ જે અમદાવાદ બાંદ્રા વચ્ચે ૪૭૯ કિ.મીટર કાપવામાં ક. ૮-૪૦ મિનિટ લેતી તે હવે ૫૮૨ કિ.મીટર દોડવામાં ૧૧ કલાક લેશે. અને ૨૨ ના બદલે ૨૪ સ્ટેશને રોકાશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૧૩ : અમદાવાદ મુંબઈ વચ્ચે દોડતી સુપ્રસિદ્ધ કર્ણાવતી એક્સપ્રેસ-૧૨૯૩૩ સુપરફાસ્ટ- ૧૪ મી ઓગસ્ટની સાંજથી નવસારી રેલવે સ્ટેશને પ્રાયોગિક ધોરણે ૧૬-૪૧ ક. થોભવાનું શરૂ કરી ૧૬-૪૩ કલાકે ઉપડી વટવા સુધી જશે. ૧૫ મી ઓગસ્ટથી સુરતથી ૦૮-૦૩ ઉપડી નવસારી ૮-૨૫ ક. આવી વલસાડ જવા ૮-૨૭ ક. ઉપડી ૯-૦૮ ક. પહોંચી વલસાડ થી ૯-૧૦ ક. ઉપડી બાંદ્રા ટર્મિનસ જશે આથી નવસારી વિસ્તારના રેલ યાત્રીઓ માટે નવી સુવિધા મળશે.

આજે નવસારી રેલવે સ્ટેશન ખાતે કર્ણાવતી એક્સપ્રેસ સુપરફાસ્ટ અમદાવાદ જતી ટ્રેનને જળશક્તિ મંત્રી - કેન્દ્ર સરકારના સીઆર પાટીલ સ્ટોપેજ નો અમલ થતાં સ્વાગત કરી સાજે ૪-૪૧ કલાકે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે જેનો સ્વાગત સમારંભ ૩-૪૫ કલાકે યોજાયો છે જેમાં સૌ નાગરિકોને ઉપસ્થિત રહેવા નવસારી ભાજપ સંગઠન વિ. એ આમંત્રણ આપ્યું છે. લોકશક્તિ હવે વડનગરથી ઉપડશે ટ્રેન નંબર બદલાતા શું ભાડું સુપરફાસ્ટ દર મુક્ત થયું પ. રેલ્વે એ અમદાવાદ મુંબઈ વચ્ચે દોડતી સુપરફાસ્ટ લોકશક્તિ એક્સપ્રેસ ૨૨૯૨૭/૨૮ ને પણ



આઝાદીની પૂર્વા રાત્રી થી અમદાવાદના બદલે લંબાણ કરી વડનગરથી ઉપાડવાનું શરૂ કર્યું છે. ઉત્તર ગુજરાતના યાત્રીઓ અને મહેસાણાને સીધી મહાનગર મુંબઈ નગરીની ઝડપી રેલ સેવા પ્રાપ્ત થાય છે. તા.૧૩-૮-૨૬ થી સુપરફાસ્ટ ટ્રેન નંબર ૨૨૯૨૭ બદલાઈને ૧૯૦૧૭ થઈ ટ્રેન બાંદ્રાથી ૧૯-૪૦ કલાકે ઉપડી વલસાડ ૨૩-૨૦, બીલીમોરા ૨૩-૩૫, નવસારી ૨૩-૫૫ ક. ઉપડી મહેસાણા મળસ્કે ૫-૩૦ પહોંચી ૫-૩૫ ઉપડી વડનગર ખાતે સવારે ૬-૪૦ કલાકે પહોંચશે. ટ્રેન ક્રમાંક ૨૨૯૨૮ ના બદલે ૧૯૦૧૮ થઈ વડનગરથી ૧૮-૨૦ કલાકે ઉપડી મહેસાણા ૧૮૪૫/ ૫૦,અમદાવાદ થી ૨૦-૪૫ કલાકે ઉપડી બાંદ્રા ટર્મિનસ પહોંચશે લોક જનસ લોકશક્તિ એક્સપ્રેસ જે અમદાવાદ બાંદ્રા વચ્ચે ૪૭૯ કિ.મીટર કાપવામાં ક. ૮-૪૦ મિનિટ લેતી તે હવે ૫૮૨ કિ.મીટર દોડવામાં ૧૧ કલાક લેશે. અને ૨૨ ના બદલે ૨૪ સ્ટેશને રોકાશે. ટ્રેનના ક્રમાંક બદલાતા હવે સુપરફાસ્ટના બદલે માત્ર એક્સપ્રેસ તરીકે દોડનારી લોક શક્તિ માં લેવાતા સુપરફાસ્ટ દર હવે નાબૂદ થશે ૨૨૯૮૯/૯૦ ટ્રેન મહુવા-સુરત એક્ષ. વલસાડ - વાપીથી ઉપાડા સુરતથી બોટાદ મહુવા વચ્ચે દોડતી ૧૯૨૫૫/૫૬ એક્સપ્રેસ ટ્રેનને વલસાડ કે વાપી સુધી લંબાણ આપી વલસાડ નવસારી જિ. સંઘ પ્રદેશના ભાવનગર અમરેલી બોટાદ જિલ્લામાં રહેતા વતનીઓ માટે સીધી ટ્રેન સુવિધાનો લાભ આપો જે અઠવાડિયામાં પાંચ દિવસ દોડે છે તે જ રીતે બાંદ્રા મહુવા વચ્ચે દોડતી ૨૨૯૮૯/૯૦ ટ્રેનને પણ વલસાડ નવસારી ખાતે સ્ટોપેજ આપવામાં આવે તેવી સૌરાષ્ટ્રવાસીઓની માંગ છે. જેથી ચોટીલા કષ્ટભંજન દેવ બગદાણા ભગુડા ખોડીયાર મા કે તલગાજરડા જનારા ભક્તોને સીધો ટ્રેનલાભ મળે. કેન્દ્રીય મંત્રી પાટીલ તથા દંડક-સાંસદ ધવલભાઈ પટેલ આ સુવિધાઓ દક્ષિણ ગુજરાતને અપાવે તેવી લોકમાંગ છે.

# બીલીમોરા પાલિકાનાં મેળામાં પાર્કિંગ ઇજારાની રકમ ભર્યા વિના ઉઘરાણા શરૂ થતાં ચકચાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** બીલીમોરા નગરપાલિકા દ્વારા સોમનાથના શ્રાવણી મેળા દરમિયાન પાંચ સ્થળોએ વાહન પાર્કિંગ માટે રૂ. ૨૧.૮૭ લાખનો ઈજારો આપવામાં આવ્યો હતો. જોકે, મેળાનો પ્રારંભ થઈ ગયા બાદ પણ ઈજારદાર એજન્સીએ ટેન્ડરની સંપૂર્ણ રકમ પાલિકામાં જમા કરાવ્યા વિના પાર્કિંગ કરાવવાની કામગીરી શરૂ કરી વાહનચાલકો પાસેથી ઉઘરાણી શરૂ કરતાં સમગ્ર મામલે ચકચાર મચી છે.

નગરપાલિકા દ્વારા શ્રાવણ માસના સોમનાથ મેળા માટે પાલિકાની મિલકતોનો એક મહિના માટે વાહન પાર્કિંગ હેતુથી ઉપયોગ કરવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. કુલ ત્રણ ટેન્ડરો પૈકી સૌથી વધુ રૂ. ૨૧.૮૭ લાખની બોલી અલંકાર કાર ડેકોર નામની એજન્સીની મંજૂર થઈ હતી. ટેન્ડરની શરત મુજબ ૧૮ ટકા જીએસટી સહિત કુલ રૂ. ૨૫.૨૫ લાખની રકમ કામગીરી શરૂ કરતા પહેલાં પાલિકામાં જમા કરાવવાની હતી. પરંતુ ગુરુવારે શ્રાવણ મેળાનો પ્રારંભ થઈ ગયો હોવા છતાં એજન્સીએ સંપૂર્ણ રકમ જમા કરાવ્યા વિના પાલિકાની મિલકતોનો ઉપયોગ શરૂ કરી દીધો હતો અને પાર્કિંગ માટે વાહનચાલકો પાસેથી નાણાંની ઉઘરાણી શરૂ કરી હતી. મામલો પાલિકાના ધ્યાન પર આવતાં એજન્સીને કામગીરી અટકાવવાની સૂચના આપવામાં આવી હોવાનું પાલિકા પ્રમુખ મનીષભાઈ પટેલે જણાવ્યું હતું. બીજી તરફ, ઈજારાની રકમ ભરાઈ છે કે નહીં તે અંગે પાલિકાના અધિકારીઓ વચ્ચે પણ જવાબદારી ટાળવાનો પ્રયાસ જોવા મળ્યો હતો. એકાઉન્ટન્ટ પરમેશ ચૌધરીને પૂછતાં તેમણે આ બાબત સિટી એન્જિનિયરિંગ વિભાગના હસ્તક હોવાનું જણાવ્યું હતું. જ્યારે સિટી એન્જિનિયર સાગર રાદડિયાનો સંપર્ક કરતાં તેમણે હાલ વ્યસ્ત હોવાનું કહી આ અંગે તપાસ કર્યા બાદ જ માહિતી આપી શકાય તેમ જણાવ્યું હતું.પાલિકા પ્રમુખ મનીષ પટેલે જણાવ્યું હતું કે, એજન્સી દ્વારા હાલમાં આશરે સાડા ત્રણ લાખ રૂપિયા ભરવામાં આવ્યા છે અને બાકીની રકમ બીજા દિવસે ભરવાનો વાયદો કરવામાં આવ્યો છે. જો એજન્સી ટેન્ડરની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો નિયમ મુજબ બીજા ક્રમના ઈજારદારને તક આપવામાં આવશે. તે પણ આગળ નહીં આવે તો ત્રીજા ક્રમના ઈજારદારને તક આપવામાં આવશે અને કોઈ તૈયાર ન થાય તો ફરીથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સાથે જ એજન્સી સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

જોકે, સમગ્ર મામલે પાલિકાની મિલકતનો ઉપયોગ શરૂ કરતા પહેલાં ઈજારાની સંપૂર્ણ રકમ જમા કરાવવાની શરત હોવા છતાં કામગીરી શરૂ કેવી રીતે થઈ અને જવાબદાર અધિકારીઓ દ્વારા સમયસર પગલાં કેમ લેવામાં ન આવ્યા તેવા સવાલો ઉઠી રહ્યા છે. આ મુદ્દે પાલિકાના વહીવટ સામે ફરી એક વખત પ્રશ્નાર્થ ઊભો થયો છે.

# સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં ડાંગી નૃત્ય અને ગરબાના તાલે પ્રવાસીઓ ઝૂમી ઉઠ્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ગિરિમથક સાપુતારા ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત એક મહિના સુધી ચાલનારા મોન્સૂન એટલે કે મેઘ મલ્હાર ફેસ્ટિવલને પ્રવાસીઓનો જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. તા. ૮ ઓગસ્ટથી શરૂ થયેલા આ ફેસ્ટિવલના પગલે છેલ્લા ચાર દિવસથી સાપુતારામાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.ખાસ કરીને ફેસ્ટિવલના ડોમ ખાતે યોજાઈ રહેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.મોન્સૂન ફેસ્ટિવલના ભાગરૂપે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ગુજરાતની લોકસંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતા કાર્યક્રમો રજૂ કરવામાં આવી રહ્યા છે.

જેમાં ડાંગની આગવી લોકસંસ્કૃતિની ઓળખ સમાન પ્રખ્યાત ડાંગી નૃત્યએ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ડાંગી નૃત્યના પરંપરાગત તાલ અને સંગીતની સાથે કલાકારોએ મનમોહક રજૂઆત કરી હતી, જેને નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.ડાંગી નૃત્યની રજૂઆત દરમિયાન કલાકારો સાથે પ્રવાસીઓએ પણ કદમથી કદમ મિલાવી નૃત્યની રમઝટ બોલાવી હતી. ડાંગી સંસ્કૃતિની ઝલક માણવાનો અવસર મળતા પ્રવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ફેસ્ટિવલમાં રોજબરોજ યોજાતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના કારણે સાપુતારામાં પ્રવાસન પ્રવૃત્તિને પણ વેગ મળ્યો છે. વરસાદી વાતાવરણ વચ્ચે સાપુતારાની હરિયાળી અને ફેસ્ટિવલની રંગત પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણ બની રહી છે.

આ રીતે ડાંગી નૃત્ય અને ગરબાના તાલે પ્રવાસીઓએ મન મૂકીને આનંદ માણતા સાપુતારા ખાતે ચાલી રહેલો મેઘ મલ્હાર મોન્સૂન ફેસ્ટિવલ સાચા અર્થમાં લોકસંસ્કૃતિ અને પ્રવાસનના સંગમનું જીવંત ઉદાહરણ બની રહ્યો છે.

# 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'

**ઇતિહાસના એ કરુણ અધ્યાયને યાદ કરવાનો અવસર**










(મનોજ ખેંગાર દ્વારા)

**આહવા, તા. ૧૩ :** ભારતના સ્વાતંત્ર્ય ઈતિહાસમાં તા. ૧૪ ઓગસ્ટનો દિવસ એક તરફ સ્વાતંત્ર્યની પૂર્વસંધ્યાની યાદ અપાવે છે, તો બીજી તરફ વર્ષ ૧૯૪૭ના ભારતના વિભાજન દરમિયાન લાખો લોકો દ્વારા સહન કરવામાં આવેલી વેદના, વિસ્થાપન, હિંસા અને સંઘર્ષને યાદ કરવાનો દિવસ પણ છે.

ભારતના વિભાજને માત્ર દેશની ભૌગોલિક સરહદો જ બદલી નહોતી, પરંતુ અસંખ્ય પરિવારોના જીવન, સંબંધો, ઘરો અને રોજગારીને પણ મૂળથી હચમચાવી નાખ્યા હતા.

વિભાજનના પરિણામે લાખો લોકો પોતાના પેઢીઓ જૂના વતનમાંથી સ્થળાંતર કરવા મજબૂર બન્યા હતા. અંદાજે ૧.૪ થી ૧.૮ કરોડ લોકો નવી રચાયેલી સરહદો પાર કરીને ભારત અને પાકિસ્તાન તરફ સ્થળાંતરિત થયા હતા. અનેક પરિવારો પોતાના ઘર-વતન અને સંપત્તિ પાછળ છોડીને માત્ર જરૂરી સામાન સાથે અજાણ્યા ભવિષ્ય તરફ નીકળી પડ્યા હતા. આ વિશાળ સ્થળાંતર માનવ ઈતિહાસના સૌથી મોટા અને કરુણ સ્થળાંતરોમાંનું એક બન્યું.

વિભાજન માત્ર સરહદોનું વિભાજન નહોતું. ૧૯૪૭માં પંજાબ અને બંગાળનું વિભાજન સૌથી વધુ અસરગ્રસ્ત બન્યું. સદીઓથી સાથે રહેતા લોકો અચાનક અલગ દેશોના નાગરિક બની ગયા. ગામો અને શહેરોમાં અશાંતિ ફેલાઈ, પરિવારો વિખૂટા પડ્યા અને અનેક લોકોએ પોતાના સ્વજનો તથા જીવનનિર્વાહ ગુમાવ્યા. આ સમયગાળાની હિંસામાં મોટી સંખ્યામાં લોકોનાં મૃત્યુ થયાં અને મહિલાઓ તથા બાળકો સહિત અસંખ્ય લોકોએ અસહ્ય મુશ્કેલીઓનો સામનો કર્યો.

વિસ્થાપનની આ કરુણ યાત્રામાં રેલવે મહત્વનું માધ્યમ બન્યું. શરણાર્થી ટ્રેનો લાખો લોકોને નવી સરહદો પાર લઈ ગઈ, જ્યારે હજારો લોકો પગપાળા, બળદગાડા, સાયકલ અને ટ્રકો મારફતે પણ સ્થળાંતર કરતા રહ્યા. રસ્તાઓ અને રેલવે માર્ગો પર લાંબી શરણાર્થી કતારો જોવા મળતી હતી. આ દરેક યાત્રા પાછળ સંઘર્ષ, દુઃખ, હિંમત અને નવી શરૂઆતની કહાની હતી.

મહિલાઓ પર પડ્યો ભારે બોજઁ વિભાજનની હિંસામાં મહિલાઓને પણ અત્યંત ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. અનેક મહિલાઓનું અપહરણ થયું, તેઓ હિંસાનો ભોગ બની અને પરિવારોથી વિખૂટા પડ્યા. ભારત અને પાકિસ્તાનની સરકારોએ વિભાજન બાદ મોટી સંખ્યામાં વિખૂટા પડેલી મહિલાઓને તેમના પરિવાર અને દેશમાં પરત લાવવા માટે પુનઃ-પ્રાપ્તિ કામગીરી હાથ ધરી હતી. અનેક મહિલાઓએ આઘાતમાંથી બહાર આવી શિક્ષણ, સેવા, ઉદ્યોગ, હસ્તકલા અને પરિવારના પુનઃનિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

વેદનામાંથી રાષ્ટ્રનિર્માણ સુધીની સફર વિભાજન બાદ ભારતભરમાં મોટા પાયે શરણાર્થી શિબિરો ઉભી કરવામાં આવી હતી. દિલ્હી, પંજાબ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન સહિતના વિસ્તારોમાં વિસ્થાપિતોને ખોરાક, આશ્રય, આરોગ્યસુવિધા અને રોજગારની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી. પુનર્વસન વસાહતો ઊભી થઈ અને વિસ્થાપિત પરિવારોને નવી જિંદગી શરૂ કરવાની તક મળી. કરુણ અનુભવમાંથી પસાર થયા છતાં લાખો વિસ્થાપિતોએ હિંમત હારી નહીં. તેમણે નવા સ્થળોએ વ્યવસાય, શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ, જાહેર સેવા, કલા અને સાહિત્ય સહિતના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. દિલ્હી, અમૃતસર, લુધિયાણા, કોલકાતા, જયપુર અને ફરીદાબાદ જેવા શહેરોના વિકાસમાં પણ વિસ્થાપિત સમુદાયોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી.

વિભાજનમાંથી ઊભી થયેલી કેટલીક સફળતાની ગાથાઓ આજે પણ પ્રેરણારૂપ છે. વિસ્થાપિત પરિવારોમાંથી અનેક લોકોએ શૂન્યથી શરૂઆત કરીને ઉદ્યોગ, વેપાર, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન બનાવ્યું.

આ ગાથાઓ સાબિત કરે છે કે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે માનવીની અડગ હિંમત અને સંકલ્પ નવી જિંદગીનું નિર્માણ કરી શકે છે

## સ્મૃતિમાંથી શીખ અને સંકલ્પ

વિભાજનની પીડાની સ્મૃતિઓ આજે પણ પેઢી દર પેઢી જીવંત છે. મૌખિક ઈતિહાસ, સંગ્રહાલયો, સ્મારકો, સાહિત્ય, ફિલ્મો અને દસ્તાવેજી આર્કાઈવ્સ દ્વારા આ અનુભવોનું જતન કરવામાં આવી રહ્યું છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૧માં ૧૪ ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' (Partition Horrors Remembrance Day) તરીકે જાહેર કર્યો હતો, જેથી વિભાજન દરમિયાન થયેલી પીડા, સંઘર્ષ અને બલિદાનની સ્મૃતિ જળવાઈ રહે અને આવનારી પેઢીઓ ઈતિહાસમાંથી શીખ મેળવી શકે.

વિભાજનનો ઈતિહાસ માત્ર ભૂતકાળની ઘટના નથી; તે માનવતા, એકતા, શાંતિ અને સામાજિક સૌહાર્દનું મહત્વ સમજાવતો સંદેશ પણ છે. લાખો લોકોની વેદના અને સંઘર્ષને યાદ કરીને, તેમના બલિદાનને શ્રદ્ધાંજલિ આપી, દેશની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત કરવાનો સંકલ્પ જ આ સ્મૃતિ દિવસની સાચી ભાવના બની શકે છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૪-૦૮-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** શ્રાવણ, બીજ, **સૂર્યોદય :** ૦૬ : ૧૯ **સૂર્યાસ્ત** ૦૭ :૦૯, **ચંદ્રોદય** - ૦૭:૩૯ **ચંદ્રાસ્ત** - ૦૮:૨૨ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - પૂર્વા ફાલ્ગુની

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ સારો રહેશે. અટકેલા કામો પૂરા થશે અને જીવનમાં સકારાત્મક બદલાવ આવશે. પારિવારિક જીવનમાં જીવનસાથીનો સહયોગ મળશે. વાણીમાં મધુરતા રાખવી ફાયદાકારક સાબિત થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પ્રગતિ માટે નવી તકો મળશે. વેપારમાં અટવાયેલા નાણાં પરત આવી શકે છે. પરિવાર સાથે સમય આનંદમાં પસાર થશે.

**મિથુન (ક, ઘ, ચ) :** કામકાજના પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થશે. ઓફિસમાં અધિકારીઓ તમારી મહેનતની કદર કરશે. વિદ્યાર્થીઓ માટે સમય ઉત્તમ છે, કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળી શકે છે.

**કર્ક (ડ, હ) :** આકસ્મિક ધનલાભ થવાના યોગ છે. માનસિક શાંતિનો અનુભવ કરશો. લાંબા સમયથી અટકેલા કાર્યો આજે ગતિ પકડશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**સિંહ (મ, ટ) :** તમારા અટકેલા સરકારી કામો પૂર્ણ થઈ શકે છે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થશે. કાર્યક્ષેત્રે નવી જવાબદારીઓ મળશે, જે તમને ભવિષ્યમાં મોટો ફાયદો કરાવશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આર્થિક મામલે સાવધાની રાખવી જરૂરી છે. કોઈને ઉધાર આપેલા પૈસા પાછા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**તુલા (ર, ત) :** ભાગીદારીમાં વેપાર કરતા લોકો માટે સારો દિવસ છે. આર્થિક સમસ્યાઓ ઓછી થશે. વિવાહિત જીવનમાં મધુરતા વધશે. નવા લોકો સાથે મુલાકાત વેપારમાં વૃદ્ધિ કરાવશે.

**વૃશ્ચિક (ન, ય) :** પોઝિટિવ વિચારોથી તમારા કામ પૂરા થશે. સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ રહી શકે છે, તેથી બહારનું ખાવાનું ટાળવું. વાદ-વિવાદથી દૂર રહેવું અને શાંતિથી કામ લેવું.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં ધ્યાન આપવાનો આ યોગ્ય સમય છે.

**મકર (ખ, જ) :** આર્થિક ક્ષેત્રે સફળતા મળશે. પ્રોપર્ટી કે વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. પરિવારના સભ્યો સાથે મતભેદ દૂર થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** યાત્રાના યોગ છે, જે ફાયદાકારક સાબિત થશે. મિત્રોનો સાથ મળશે અને અટકેલા કાર્યો પૂરા થશે. આવકના નવા સ્રોત ઊભા થશે, મન પ્રસન્ન રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** વ્યવસાયિક નિર્ણયો લેતી વખતે સાવધાની રાખવી. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું.

## દમણ રેડિયો

આકાશવાણી

102.3 FM

શુક્રવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 1 | 9 | 6 | | | | |
| | 5 | 9 | 8 | | | | 4 | |
| | 2 | | | | 1 | | | |
| | 4 | | | | | 5 | | 1 |
| | 8 | 3 | | | | 2 | 6 | |
| 7 | | 5 | | | | | 3 | |
| | | | 1 | | | | 8 | |
| | 9 | | | | 4 | 6 | 5 | |
| | | | | 2 | 7 | 9 | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૫૨નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | 4 | 6 | 8 | 2 | 5 | 9 |
| 8 | 9 | 4 | 2 | 3 | 5 | 6 | 1 | 7 |
| 6 | 5 | 2 | 9 | 7 | 1 | 4 | 3 | 8 |
| 9 | 8 | 5 | 7 | 1 | 4 | 3 | 2 | 6 |
| 1 | 3 | 7 | 5 | 2 | 6 | 9 | 8 | 4 |
| 4 | 2 | 6 | 3 | 8 | 9 | 1 | 7 | 5 |
| 7 | 6 | 8 | 1 | 4 | 2 | 5 | 9 | 3 |
| 2 | 4 | 9 | 8 | 5 | 3 | 7 | 6 | 1 |
| 5 | 1 | 3 | 6 | 9 | 7 | 8 | 4 | 2 |

## વાપી એસટી ડેપોમાં સફાઈ કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી એસટી ડેપોમાં ડેપો મેનેજર જયદીપ માહલાના વડપણ હેઠળ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. વાપી ટાઉનના જૂના અને નવા બંને બસ ડેપો પરિસરમાં યોજાયેલા આ અભિયાનમાં એસટી વિભાગના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે સફાઈ કામગીરીમાં જોડાઈને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ સ્વચ્છતા અભિયાનમાં ટ્રાફિક ઈન્સ્પેક્ટર અરુણભાઈ આશી, ટ્રાફિક ઈન્સ્પેક્ટર ધનસુખ પટેલ, હેડ મિકેનિક આર.કે. પટેલ, ક્લાર્ક ઈલેશભાઈ પટેલ સહિત વાપી ડેપોના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વાપી ટાઉનના ઝંડા ચોક ખાતે આવેલ જૂનો બસ ડેપો તેમજ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ હંગામી એસટી ડેપોના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી કચરો દૂર કરવામાં આવ્યો હતો. જાહેર પરિવહન સાથે સંકળાયેલા બસ ડેપો પરિસરને સ્વચ્છ અને સુંદર રાખવાના હેતુથી હાથ ધરાયેલી આ કામગીરીમાં અધિકારીઓ અને કર્મચારીઓની ભાગીદારી નોંધપાત્ર રહી હતી.

## વલસાડમાં ચોમાસામાં ગટરની આડેધડ કામગીરીથી વાહન ચાલકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ શહેરના વ્યસ્ત ગણાતા ધરમપુર રોડ પર આવેલ RPF ગ્રાઉન્ડ પાસે તંત્રની ભારે બેદરકારી સામે આવી છે. ચોમાસાની ચાલુ સીઝનમાં જ ગટર લાઈનની કામગીરી શરૂ કરવામાં આવતા આખો રસ્તો કાદવ-કીચડમાં ગરકાવ થઈ ગયો છે. યોગ્ય આયોજન વગર કરાતી આ કામગીરીને કારણે અકસ્માતનો ગંભીર ભય ઊભો થતાં સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે ચોમાસા પહેલાં પ્રી-મોન્સૂન કામગીરી પૂર્ણ કરી લેવાની હોય છે, પરંતુ વલસાડમાં ચોમાસું જામ્યું છે ત્યારે જ ધ્વજ ગ્રાઉન્ડ નજીક ગટરનું ખોદકામ હાથ ધરાયું છે. વરસાદના કારણે ખોદાયેલી માટી રસ્તા પર પથરાઈ જતાં સમગ્ર વિસ્તાર ચીકણા કાદવ-કીચડમાં ફેરવાઈ ગયો છે. તેના લીધે ટુ-વ્હીલર ચાલકો સતત લપસી રહ્યા છે અને નાની-મોટી હોનારતો સર્જાઈ રહી છે. કામગીરી કરવી જરૂરી છે, પરંતુ ચોમાસામાં જ ખોદકામ કરીને લોકોને મોતભય નીચે ધકેલવાની આ લાલિયાવાડી ક્યાં સુધી ચાલશે એવા સવાલો કર્યા છે. તંત્રની આ ઘોર બેદરકારીથી કંટાળીને એક જાગૃત નાગરિકે સ્થળ પરનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. વીડિયોમાં રસ્તાની બતર હાલત અને કાદવના લીધે વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ સ્પષ્ટ જોઈ શકાય છે. નાગરિકે વીડિયો દ્વારા સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે ભડાશ કાઢી ત્વરિત ઉકેલ લાવવા માગ કરી છે. કાદવ-કીચડવાળા રસ્તા પર તાત્કાલિક મેટલ/ગ્રીટ નાખી રસ્તો ચાલવા યોગ્ય બનાવવામાં આવે.

અકસ્માત ન સર્જાય તે માટે યોગ્ય સાઈનબોર્ડ અને બેરિકેટિંગ મૂકવામાં આવે, બેદરકાર કોન્ટ્રાક્ટર કે અધિકારી સામે કડક પગલાં લેવાય, જો તંત્ર દ્વારા વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહીં આવે, તો કોઈ મોટો અકસ્માત સર્જાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## વાપીની આર.કે. દેસાઈ કોલેજ દ્વારા પૂરગ્રસ્તોને રાહત કીટ વિતરણ કરાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં ત્રાટકેલા ભારેથી અતિભારે વરસાદના કારણે અંતરિયાળ તથા નદીકાંઠાના વિસ્તારોમાં સર્વત્ર હાહાકાર મચી ગયો હતો. અચાનક આડેધડ આવેલા પાણીએ અનેક આદિવાસી પરિવારોના હસતા-ખેલતા સંસારને પળભરમાં વેરવિખેર કરી નાખ્યો હતો. વર્ષોની મહેનતથી ઊભી કરેલી ઘરવખરી, અનાજની એક-એક કણ અને માસૂમ બાળકોના પુસ્તકો નજર સમક્ષ પાણીમાં તણાઈ જતાં અનેક પરિવારો ખુલ્લા આકાશે નિરાધાર બનીને બેસી ગયા હતાં.

આવા અત્યંત કપરા, પીડાદાયક અને હૃદયદ્રાવક સમયમાં, પીડિતોની મૌન વેદનાને ઓળખીને આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપીના સંવેદનશીલ અધ્યાપકો તેમની મદદે દોડી આવ્યા હતાં. પૂરગ્રસ્તોના આંસુ લૂછવા અને તેમના ભાંગી ગયેલા મનોબળને મજબૂત કરવા બી.એડ. કોલેજના અધ્યાપકો દ્વારા એક વિશેષ માનવતાવાદી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કરુણાભર્યા સેવાકાર્ય અંતર્ગત ડૉ. વિમુખ પટેલ, ડૉ. વૈશાલી દેસાઈ, ડૉ. સારિકા પટેલ, પ્રા. પિયુષ પટેલ અને ડૉ. જયંતીલાલ બારીસ પોતાની ટીમ સાથે વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના સુખાલાઅને ધોધડકુવા ગામના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પહોંચ્યા હતાં. ત્યાં તેમણે પૂરથી સર્વસ્વ ગુમાવી ચૂકેલા પરિવારોને રૂબરૂ મળીને માત્ર સાંત્વના જ ન આપી, પરંતુ તેમને ઉપયોગી રાહત અનાજ કીટ તથા શૈક્ષણિક કીટનું વિતરણ પણ કર્યું હતું.

## વલસાડની તબીબે જામલીયામાં વિદ્યાર્થીઓ માટે કબાટ ભેટ આપ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** ધરમપુરથી ૫૫ કિલોમીટર દૂર આવેલા જામલીયા ગામમાં ૧૨૨ જેટલા ભૂલકાંઓ કોઈના સહારે એક નાના ઘરમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓના ચોપડા, પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સામગ્રી વરસાદમાં પલળીને બગડી જવાનો સતત ભય રહેતો હતો. આ સમસ્યાના ઉકેલ માટે બાળકોને એક કબાટની ખાસ જરૂરિયાત ઉભી થતાં વલસાડની તબીબે તેમની જરૂરિયાત પૂરી પડતા બાળકો એ તેમનો આભાર માન્યો હતો. શ્રાવણ મહિનાના પવિત્ર દિવસોમાં ધરમપુરથી આશરે ૫૫ કિલોમીટર દૂર આવેલા અંતરિયાળ જામલીયા ગામમાંથી માનવતા અને સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે. આ ગામમાં ૧૨૨ જેટલા ભૂલકાંઓ કોઈના સહારે એક નાના ઘરમાં રહીને પોતાનો અભ્યાસ કરી રહ્યા છે.

ચોમાસાની ઋતુમાં સતત વરસતા વરસાદના કારણે બાળકોના ચોપડા, પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સામગ્રી પલળીને બગડી જવાનો સતત ભય રહેતો હતો. આ સમસ્યાના ઉકેલ માટે બાળકોને એક મજબૂત કબાટની ખાસ જરૂરિયાત હતી. આ વિગત વલસાડના જાણીતા મહિલા તબીબ ડો. શૈલજા મહાસ્કરના ધ્યાને આવતા જ તેમણે તાત્કાલિક દિલદારી દાખવીને વિદ્યાર્થીઓ માટે કબાટની વ્યવસ્થા કરી આપી હતી.ચોમાસામાં અમારા પુસ્તકો પલળી જતાં હતાં, પણ હવે કબાટ મળી જતાં અમારો સામાન સુરક્ષિત રહેશે. કબાટ આવી જતાં વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસનો સામાન તેમાં સુરક્ષિત રીતે મૂક્યો હતો અને બાળકોના ચહેરા પર એક અનોખી ખુશી અને આનંદની લાગણી જોવા મળી હતી. શ્રાવણ માસમાં ડો. શૈલજા મહાસ્કરની આ સહાનુભૂતિપૂર્વકની મદદ બદલ સ્થાનિકો અને બાળકોએ તેમનો આભાર માન્યો હતો.



## વલસાડમાં બ્રહ્માકુમારી દ્વારા નશા મુક્તિ પ્રતિજ્ઞા અભિયાનનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** પ્રજા પિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ભારત સરકારના એમ.ઓ.યુ. સહયોગથી ૧૦ કરોડ નસામુખ પ્રતિજ્ઞા મહા અભિયાન પુરા ભારત દેશ, તેમજ નેપાળ, દેશમાં સફળતા પ્રાપ્ત કરી છે. બી.કે. જીજ્ઞા સા એ જણાવ્યું હતું કે, પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ તા.૨ ઓગસ્ટના સવારે ૧૧:૦૦ કલાકે આ મહા અભિયાનનો શુભ આરંભ કરેલો તેમણે પ્રવચનમાં જણાવ્યું હતું કે, બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય લગભગ ૮૦ વર્ષથી મારા જન્મ પહેલાથી, મુખ્ય નિષ્ઠા સમાજ ચરિત્રવાન નાગરિક વ્યસનમુક્ત સમાજની સ્થાપના કરવાનું શુભ અને મહાકાવ્ય કરી રહેલ છે. આ ઉમદા કાર્યથી હું ઘણો પ્રભાવિત થયો છું, અને મને પૂરો વિશ્વાસ છે કે, સમગ્ર દેશમાં નશાવાન વ્યક્તિને નશા મુકત, પ્રતિજ્ઞા કરાવી સમાજમાં તેમનું મૂલ્ય વધારશે. તારીખ ૩ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ સુધી મા ૧૦ કરોડથી વધારે નશા મુક્તિ પ્રતિજ્ઞા કરાવશે.

## ફલધરાની મા. શાળામાં શૌચાલયોનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડનાં ફલધરા ગામની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સુવિધા અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને અતુલ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા નિર્માણ કરાયેલા પાંચ શૌચાલયોનું અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અતુલ કંપનીનાં અધિકારીઓ, શાળાનાં આચાર્ય સરસ્વતીબેન, જિલ્લા પંચાયત સભ્ય જિજ્ઞાબેન,ગામનાં સરપંચ ઈલેશભાઈ, શાળાનાં મંડળનાં પ્રમુખ ધીરુભાઈ, શાળાનાં શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. શાળાનાં આચાર્ય સરસ્વતીબેને અતુલ કંપની અને અતુલ ફાઉન્ડેશન સંસ્થાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે અતુલ કંપની દ્વારા આપવામાં આવેલી આ સુવિધાથી શાળાનાં વિદ્યાર્થીઓને ખૂબ જ ફાયદો થશે. તેમને સ્વચ્છ અને સુવિધાયુક્ત વાતાવરણ મળશે તેમજ તેમના આરોગ્ય અને દૈનિક જીવનમાં સકારાત્મક ફેરફાર આવશે. શાળાનાં આચાર્ય અને શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ આવી સારી સુવિધા આપવા બદલ સંસ્થા પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## ટુકવાડા અને પંડોરમાં અનાવિલ સન્નારી ગૃપ દ્વારા રાહત સામગ્રીનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી અને પારડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગત તા.૨૩ અને ૨૪ જુલાઈના રોજ પડેલા ભારે વરસાદ તેમજ નદીઓમાં આવેલા પૂરના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતાં. ખાસ કરીને ટુકવાડા અને પંડોર ગામમાં પૂરના પાણી ઘરોમાં ફરી વળતા અનેક પરિવારોની ઘરવખરીને નુકસાન થયું હતું અને ઘરનો જરૂરી સામાન પણ પૂરના પાણીમાં તણાઈ ગયો હતો. આ પરિસ્થિતિને ધ્યાને લઈ વાપી-પારડી, ઉમરગામ, મુંબઈ તેમજ સંઘ પ્રદેશ દાદરા-નગર હવેલી અને દમણ વિસ્તારમાં કાર્યરત અનાવિલ સમાજની મહિલાઓના સંગઠન અનાવિલ સન્નારી ગ્રુપ દ્વારા અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવા માટે રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અનાવિલ સન્નારી ગ્રુપમાં પારડીથી મુંબઈ અને દમણથી સેલવાસ સુધીની ૭૦૦થી વધુ મહિલાઓ જોડાયેલી છે. ગ્રુપની બહેનોએ ટુકવાડા અને પંડોર ગામની મુલાકાત લઈ પૂરના કારણે ઘરવખરી ગુમાવનારા પરિવારોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વાસણો, ઘરવખરીનો સામાન, જમવાનું તેમજ કપડાં સહિતની વિવિધ ઉપયોગી સામગ્રીનું વિતરણ કર્યું હતું.

આ સમગ્ર સેવા કાર્ય અનાવિલ સન્નારી ચેરિટેબલ ટ્રસ્ટ સાથે જોડાયેલી અનાવિલ સન્નારી ગ્રુપની મહિલા સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધરમપુરના ધારાસભ્યની રજુઆત બાદ પગાર વધારાનો નિર્ણય લેવાયો

### ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલય કર્મચારીઓની પગાર વિસંગતતાનો પ્રશ્ન ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૩ :** આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓની લાંબા સમયથી પડતર પગાર વિસંગતતાનો પ્રશ્ન ઉકેલાયો છે. ધરમપુરના ધારાસભ્ય તથા ભાજપ ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલની અસરકારક રજૂઆત બાદ સરકાર દ્વારા કર્મચારીઓના પગાર દરમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગત બજેટ સત્ર દરમિયાન અરવિંદભાઈ પટેલે ગુજરાત વિધાનસભામાં આ પ્રશ્ન ઉઠાવી કર્મચારીઓને યોગ્ય પગાર અને બાકી એરિયર્સનો લાભ આપવા સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. ત્યારબાદ આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૭ જુલાઈ ૨૦૨૬ના ઠરાવ મુજબ પગાર દરમાં વધારો કરવામાં આવ્યો છે. સાથે જ કર્મચારીઓને ૮ એપ્રિલ ૨૦૨૪થી ૩૧ મે ૨૦૨૬ સુધીના બાકી એરિયર્સની રકમ ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એરિયર્સની કુલ રકમમાંથી ૯૦ ટકા રકમ મદદનીશ કમિશનર (તકેદારી), વલસાડ દ્વારા અને ૧૦ ટકા રકમ સંબંધિત સંસ્થા દ્વારા કર્મચારીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ નિર્ણયથી વર્ષોથી સેવા આપી રહેલા છાત્રાલય કર્મચારીઓને યોગ્ય પગારનો લાભ મળવાની સાથે બાકી એરિયર્સની રકમ મળતાં મોટી આર્થિક રાહત મળશે.

## સેલવાસની નમો હોસ્પિટલમાંથી બે માસના એચઆઈવી જાગૃતિ અભિયાનનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** વિશ્વ યુવા દિવસ નિમિત્તે દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના આરોગ્ય વિભાગ દ્વારા એચઆઈવી / એઈડ્સની રોકથામ અને જાગૃતિ માટે બે માસના સઘન જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સિલવાસાની નમો હોસ્પિટલ ખાતે અભિયાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.અભિયાનનો મુખ્ય હેતુ યુવાનો, કિશોર-કિશોરીઓ તેમજ સામાન્ય નાગરિકોમાં એચઆઈવીની રોકથામ, સમયસર તપાસ અને સારવાર અંગે જાગૃતિ લાવવાનો છે. સાથે જ એચઆઈવીને લઈને સમાજમાં રહેલા ભેદભાવ અને કલંકને દૂર કરવાનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.

અભિયાન અંતર્ગત દમણના વિવિધ જાહેર સ્થળોએ ફ્લેશ મોબ અને શેરી નાટકો યોજી યુવાનોને સુરક્ષિત વર્તન, સ્વૈચ્છિક એચઆઈવી તપાસ અને ઉપલબ્ધ સારવાર સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. આગામી બે માસ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ રેલીઓ, ગ્રામસભામાં આરોગ્ય સંવાદ, ઘર-ઘર જાગૃતિ, સામુદાયિક બેઠકો તેમજ પોસ્ટર અને પેમ્ફલેટ વિતરણ જેવી પ્રવૃત્તિઓ યોજાશે. શાળા-કોલેજોમાં નિબંધ, પોસ્ટર અને સ્લોગન સ્પર્ધા, ક્વિઝ, આરોગ્ય શિક્ષણ સત્રો, યુવા સંવાદ અને એચઆઈવી જાગૃતિ વર્કશોપ પણ યોજાશે.

આરોગ્ય વિભાગે યુવાનોને અભિયાનમાં સક્રિય ભાગીદારી કરવા, એચઆઈવી અંગે સાચી માહિતી મેળવવા અને જરૂરિયાત મુજબ સ્વૈચ્છિક તપાસ કરાવવા અપીલ કરી છે. અભિયાનનો ઉદ્દેશ્ય સ્વસ્થ, સુરક્ષિત અને ભેદભાવમુક્ત સમાજના નિર્માણ તરફ આગળ વધવાનો છે.

## બુરવડમાં વૈદુ દિનની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૩ :** બુરવડ ગામે વૈદાંત પારંપરિક વૈદું જુથ કપરાડા દ્વારા વૈદું દિનની ઉજવણી કાર્યક્રમ બુરવડ ગામે રામુભાઈ ભાવરના ઘરે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પરંપરાગત નોલેજનું જતન એટલે ગામના વૈદુઓ પાસે જે જેડીબુડી, આર્યુવેદ અને ઘરગથ્થુ ઉપચારનું નોલેજ પેઢીઓથી ચાલ્યું આવેલ છે. તેને નવી પેઢી સુધી પહોંચાડવું. લોકોને કુદરતી ઉપચાર, વનોષધિ વનસ્પતિ અંગે જાગૃતિ લાવવી. ગામના બધા લોકોને એક મંચ પર લાવી સાસ્કૃતિક વારસો જાળવવો. વૈદુઓનું સન્માન કરવું અને વનોષધિઓનું જતન, સંરક્ષણ કરવું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શ્રી BISLD - BAIF સંસ્થાના વરીષ્ઠ અધિકારી શ્રી જીતીનભાઈ સાઠે (ACPE), બુરવડ અને વારોલી જંગલ ગામના સરપંચઓ, બુરવડ ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ, વૈદું પારંપરિક વૈદું જૂથના પ્રમુખ, ઉપપ્રમુખ, વૈદું ભાઈઓ, બહેનો તથા બુરવડ ગામના ભાઈઓ બહેનો ૧૧૦ લોકો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વાપીમાં પાયલ માસીએ દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસ ઉજવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** જન્મદિવસ એટલે પાર્ટી અને હોટેલનું વલણ તોડી વાપીની જાણીતી ટ્રાન્સજેન્ડર સમાજસેવિકા પાયલ માસીએ પોતાનો જન્મદિવસ એક અનોખી રીતે ઉજવીને સમાજને સેવાનો સંદેશ આપ્યો છે. તેમણે પારડીના દેગામ ખાતે આવેલ મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટમાં પહોંચી બૌદ્ધિક રીતે દિવ્યાંગ બાળકો અને વયસ્કો સાથે જન્મદિવસની ઉજવણી કરી તેમના ચહેરા પર ખુશી વેર્યું.

આ પ્રસંગે સમાજસેવક દીપક સિંહ પણ ઉપસ્થિત રહ્યા. તેમણે બાળકોને ડ્રોઈંગ કિટ, નોટબુક સહિતની શૈક્ષણિક સામગ્રી ભેટ આપી. બાળકોએ પણ ઉત્સાહ સાથે મહેમાનોનું સ્વાગત કરી દિવસને યાદગાર બનાવ્યો.

માત્ર પાંચ બાળકોથી શરૂ થયેલી મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ આજે ૧૫૦થી વધુ દિવ્યાંગ બાળકો અને વયસ્કોને વિશેષ શિક્ષણ, સારવાર અને પુનર્વસનની સેવા આપી રહી છે. સંસ્થા આ બાળકોને આત્મનિર્ભર બનાવી સમાજની મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું કામ કરી રહી છે.

પાયલ માસીએ જણાવ્યું કે સમાજના પ્રેમ અને આશીર્વાદથી જ તેમને માન-સન્માન મળ્યું છે. તેથી સમાજસેવા કરવી પોતાનું કર્તવ્ય છે. તેમણે લોકોને અપીલ કરી કે ટ્રાન્સજેન્ડરને માત્ર ઓળખથી ન આંકો. અમારામાં પણ સેવા અને સંવેદનાની ભાવના છે.

દીપક સિંહે કહ્યું કે સક્ષમ લોકોએ જરૂરિયાતમંદોની મદદ કરવી જોઈએ. જો દરેક વ્યક્તિ પોતાનો ખાસ દિવસ જરૂરિયાતમંદો સાથે ઉજવે તો કોઈ એકલું નહીં રહે.

સંસ્થાના સંચાલકોએ પણ અપીલ કરી કે કોઈ પણ વ્યક્તિ પોતાનો જન્મદિવસ કે વર્ષગાંઠ દિવ્યાંગ બાળકો સાથે ઉજવવા ઈચ્છે તો સંસ્થા સ્વાગત કરશે. આ કાર્યક્રમ માત્ર ઉજવણી નહીં પણ માનવતા અને સમાનતાનો પ્રેરણાદાયી સંદેશ બની રહ્યો.

## વાસણમાં કેન્સર ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** ભાજપના સેવાકીય અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા એક સરાહનીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના માનનીય પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના જન્મદિવસ નિમિત્તે વલસાડ તાલુકાના વાસણ ગામે નિ:શુલ્ક કેન્સર સ્ક્રિનિંગ અને જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો.

વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રવિણાબેન સમીરભાઈ પટેલની અધ્યક્ષ પણા હેઠળ વલસાડનાં વાસણ ગામમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માનો જન્મદિન નિમિતે કેન્સર સ્ક્રિનિંગ તેમજ જનરલ હેલ્થ ચેકઅપ યોજાયો હતો. આ કેમ્પ દરમિયાન ગામ તેમજ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં બહેનો અને મહિલાઓએ ઉપસ્થિત રહીને આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. સ્થાનિક મહિલા મોરચાના સભ્યો દ્વારા જનસેવાના આ કાર્ય સાથે પ્રદેશ અધ્યક્ષાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.


દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

# હજુ આઝાદ ભારતને વિજ્ઞાનના 'નોબેલ'ની પ્રતિક્ષા

સાયન્સ કોર્નર - વિકાસ ઉપાધ્યાય

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્લાસગોમાં યોજાયેલ કોમનવેલ્થ ગેઈમ્સમાં ૩૯ મેડલો સાથે ચોથા ક્રમે આવેલી ભારતીય રમતવીરોની ટીમને પોતાના નિવાસસ્થાને આમંત્રી હતી. એમાં સતત ત્રણવાર ચેમ્પીયન રહેલા મીરાંબાઈ ચાનું સાથે સંવાદ કરતાં વડાપ્રધાને તેમને જયારે ગોલ્ડ મેડલ એનાયત થઈ રહ્યો હતો ત્યારે એમની આંખમાંથી સતત સરી રહેલાં અશ્રુઓનો ઉલ્લેખ કર્યો હતો. જેના પ્રત્યુત્તરમાં મીરાંબાઈ ચાનુએ જણાવ્યું હતુ કે વર્ષોની મહેનત, સંઘર્ષ અને પ્રતિક્ષા પછી જયારે સફળતા મળે છે અને જયારે ગોલ્ડ મેડલ એનાયત થતો હોય ત્યારે આપણો રાષ્ટ્રધ્વજ ઉપર ચઢતો હોય, રાષ્ટ્રગીત ગુંજતુ હોય ત્યારે કોઈ પોતાના અશ્રુ રોકી શકતું નથી. લગભગ દરેક ક્ષેત્રમાં આ અનુભવ થતો હોય છે. પરંતુ જયારે માત્ર ભારત જ નહીં સમગ્ર એશિયામાં વિજ્ઞાનક્ષેત્રનું નોબેલ પારિતોષિક સર સી.વી. રામનને તા. ૧૦ ડિસેમ્બર, ૧૯૩૦ના દિવસે અર્પણ થઈ રહ્યું હતું ત્યારે તેઓનું હૃદય પણ રડી રહ્યું હતું. જો કે એનું કારણ જુદું હતું. તેઓ જયાં બેઠા હતાં ત્યાં તેની ઉપર ભારતનો નહીં પણ બ્રિટનનો યુનિયન જેક ફરકતો હતો. આ ક્ષણને યાદ કરતાં ભાવુક રીતે ડો. સી. વી. રામને કહ્યું હતું કે 'મારા ગરીબ દેશ ભારતને પોતાનો રાષ્ટ્રધ્વજ પણ નથી. તેથી હુ એવો દાવો નથી કરી શકતો કે હું અહીં એક ભારતીય તરીકે આવ્યો છું' તેમણે આ નોબલ પ્રાઈઝ ભારતની આઝાદીની જંગના સ્વાતંત્ર્ય સેનાનીઓને અર્પણ કરતાં કહ્યું હતુ કે 'જેઓ પોતાના જીવનનો સુવર્ણકાળ બ્રિટીશ જેલમાં પસાર કરી રહ્યાં છે તેમને મારું આ ઈનામ અર્પણ કરું છું'

સામાન્ય રીતે એવું માનીએ છીએ કે આઝાદીનું આંદોલન માત્ર રાજકીય, સામાજીક કે આર્થિક સ્વાતંત્ર્યને સ્પર્શતુ આંદોલન હતું પણ એ તરફ બહું ઓછુ ધ્યાન જાય છે કે આઝાદીની ચળવળે દેશના વિજ્ઞાનીઓને પણ પ્રભાવિત કર્યા હતાં. અને વિજ્ઞાન ક્ષેત્રે સંશોધન અને વિકાસમાં બ્રિટીશ આધિપત્યના પ્રભાવ તથા અવલંબન માટે વ્યથા અનુભવતા હતાં. તેમની એ મથામણ અને ચિંતન ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને સ્વદેશી ઢાંચામાં ઢાળવા તરફ પણ હતી.

ભારતમાં પર અંગ્રેજ, પોર્ટુગીઝ કે ડચ પ્રજાના આગમન અને પગપેસારા પૂર્વે મોગલો વગેરેના આક્રમણો સોને કી ચીડીયા ગણાતાં ભારતની ધનસંપદાની લૂંટ માટે હતાં પરંતુ બ્રિટીશ પ્રજા તો ભારત સાથે વેપાર કરવા ધારતી હતી. જો કે બ્રિટનમાં આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિના પગરણ થયા. આ ઉદ્યોગોના વિકાસ માટે તેમને અઢળક પ્રાકૃતિક સંશાધનોની જરુર હતી. એ માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાના આશયથી ઈ.સ. ૧૭૬૭માં 'સર્વે ઓફ ઈન્ડિયા' નામનો વિભાગ શરુ કર્યો. ભારતમાં તાર, ટપાલ, રેલ્વે, હોસ્પિટલ કે શિક્ષણસંસ્થાઓ સ્થાપી. પણ એનો હેતુ કંઈ ભારતના નાગરિકોનું ઉત્થાન હતો નહીં. બ્રિટીશરોએ કલકત્તામાં તબીબી વિજ્ઞાનની કોલેજ શરુ કરી હતી. એમાં સાવ શરુઆતના ભારતીય વિદ્યાર્થીઓમાં એક વિદ્યાર્થી મહેન્દ્રલાલ સરકાર હતાં. તેમણે અહીંથી એમ.ડી.ની પદવી લીધી અને જયારે બ્રિટીશ મેડિકલ એસોશિએશનની ત્યા શાખા ખુલી ત્યારે એમાં જનરલ સેક્રટરી પણ થયાં. અંગ્રેજો એ સમયે હોમિયોપેથીને ઉતરતી કક્ષાની સારવાર પદ્ધતિ ગણતાં એટલે મહેન્દ્રલાલ સરકાર પણ એના કટ્ટર ટીકાકાર બન્યાં. પરંતુ કુટુંબમાં આવેલી એક માંદગી એલોપેથીથી નહીં પણ હોમિયોપેથીથી સારી થતાં તેઓ હોમિયોપેથીમાં ઉંડા ઉતર્યા. વૈજ્ઞાનિક મિજાજ સાથે એનો અભ્યાસ કર્યો અને હોમિયોપેથીના સમર્થનમાં પોતાનો મત વ્યકત કર્યો. બ્રિટીશરો એનાથી છેડાઈ પડયાં અને ડો. મહેન્દ્રલાલ સરકારને બ્રિટીશ મેડિકલ એસો.માંથી હાંકી કાઢયા. તેમની તબીબી પ્રેકટીસ પણ પડી ભાંગી, તેમના અભ્યાસ લેખો પણ પ્રકાશિત થવા બંધ થયાં. આ બધાથી તેમને ભારે ધક્કો લાગ્યો. ત્યારે ઈ.સ. ૧૮૭૦ના અરસામાં તેમને એ વાતનો અહેસાસ થયો




કે ભારતમાં ભારતીયો માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન અને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની તક મળી રહે એવી કોઈ જગ્યા કે સંસ્થા હોવી જોઈએ. આ વિચારમાં એમના મિત્ર ડો. આશુતોષ મુખર્જીનો પણ સાથ મળ્યો. આ ડો. આશુતોષ મુખર્જી એટલે ભારતીય જનસંઘ અને ભાજપના સ્થાપક પૈકીના ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના પિતાશ્રી તેઓ ન્યાયધીશ હોવા ઉપરાંત ગણિતના પ્રખર જ્ઞાતા અને સંશોધક હતાં. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને બંકિમચંદ્ર ચેટર્જી, રામકૃષ્ણ પરમહંસ જેવાની શુભકામના પણ મળી. તેથી ત્રિપુરાના મહારાજાની આર્થિક સહાયથી ઈ.સ. ૧૮૭૬માં 'ઈન્ડિયન એસોશિએશન ઓફ કલ્ટીવેશન ઓફ સાયન્સ' નામની સંસ્થા શરુ થઈ. આ રીતની સંસ્થા ભારતમાં પ્રથમ જ હતી. જેણે ભારતના પ્રતિભાશાળી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ અને સંશોધકોમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ સ્વતંત્રતા, આઝાદીના વિચારની જયોત પ્રગટાવી. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થાની સ્થાપનાને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે. જો કે ડો. મહેન્દ્રલાલ સરકારે ધારેલા હેતુઓ તાત્કાલીક પાર પડતાં જણાયા નહીં. તેનાથી તેઓ હતાશ પણ થયા અને ઈ.સ. ૧૯૦૪માં તેમના અવસાન પૂર્વે તેમણે એવો અફસોસ વ્યકત કર્યો હતો કે 'જો આપણા દેશે સુસંસ્કૃત અને વિકસિત દેશોની હરોળમાં સ્થાન લેવું હશે તો એ માત્ર વિજ્ઞાનથી જ થઈ શકશે. અત્યારસુધીમાં મેં આ માટે મારા જીવનનું શ્રેષ્ઠ આપ્યું છે પણ એ પ્રયાસને લાયક સફળતા નહીં મળે એવી છાપ સાથે હું આ દુનિયાને અલવિદા કહી રહ્યો છું' એમના અવસાન પછી એમના ભત્રીજા અમૃતલાલ સરકારે જવાબદારી સંભાળી. અને જયારે ડો. સી.વી. રામનને નોકરી માટે કલકત્તા જવાનું થયુ ત્યારે ત્યાંની ટ્રામમાં મુસાફરી કરતી વખતે એક સામાન્ય મકાન પર 'ઈન્ડિયન એસોશિએશન ઓફ કલ્ટીવેશન ઓફ સાયન્સ' નું બોર્ડ વાંચી ટ્રામમાંથી ઉતરી ગયા. અને ત્યાંની પ્રવૃતિ વિશે જાણી નોકરી પછીના સમયમાં પોતાના સંશોધનો માટે નિયમિત આવવા લાગ્યા. તેમનું નોબેલ પારિતોષિક મેળવનાર સંશોધન 'રામન પ્રભાવ' પણ અહીં જ થયું. જો કે ડો. મહેન્દ્રલાલ સરકાર પોતાની સંસ્થાની આ સફળતા જોવા હયાત ન હતાં.

'ઈન્ડિયન એસોશિએશન ઓફ કલ્ટીવેશન ઓફ સાયન્સ' સાથે ભારતના અન્ય મેઘાવી વિજ્ઞાનીઓ જેવા કે જગદીશચંદ્ર બોઝ પણ જોડાયેલા હતાં તેઓ અહીં ભૌતિકશાસ્ત્રના પ્રથમ અધ્યાપક બન્યા હતાં. લોર્ડ રેલે જેવાએ જેમને ભારતમાં ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડવા ભલામણ કરી હતી એવા ડો. જગદીશચંદ્ર બોઝને અંગ્રેજોએ ભારતીયો, ભૌતિકશાસ્ત્ર જેવો વિષય ભણાવવા માટે લાયક વિચારસરણી ધરાવતા નથી એવી મનોવૃત્તિ સાથે નકારી કાઢયા હતાં. અને જયારે તેમને કોલેજમાં લેવામાં પણ આવ્યા ત્યારે તેમને હંગામી ધોરણે અને અડધા પગારે લીધા. ડો. જગદીશચંદ્ર બોઝને આમાં પોતાનું તો ઠીક, ભારતનું અને ભારતીયોનું અપમાન જણાયું તેથી તેમણે સતત ત્રણ વર્ષ સુધી પગાર લીધા વિના અધ્યાપન કાર્ય કર્યુ. અને પોતાની ક્ષમતાનો પરિચય કરાવ્યો. આ એક વૈજ્ઞાનિકનો અગ્રેજ શાસક અને તેમની મનોવૃત્તિ સામેનો સત્યાગ્રહ જ હતો. તેમણે દેશમાં સ્વતંત્ર રીતે પ્રયોગો કરી શકાય એ માટે સ્વખર્ચે પ્રયોગશાળા પણ વિકસાવી હતી. તેમના માઈક્રોવેવ અંગેના સંશોધનના આધારે માર્કોની નોબેલ પારિતોષિક લઈ ગયા ત્યારે પણ તેમના સંશોધનને બ્રિટીશરોએ નજરઅંદાજ જ કર્યુ હતું. દિગ્ગજ રસાયણશાસ્ત્રી આચાર્ય પ્રફુલચંદ્ર રોય પણ આ સંસ્થા સાથે સંકળાયેલા હતાં. તેઓ બ્રિટનમાં પોતાના અભ્યાસ દરમ્યાન જ એ પામી ગયા હતાં કે દેશમાં ઉદ્યોગોનું નિર્માણ વિજ્ઞાન દ્વારા જ થઈ શકે છે. તેમણે ભારતમાં બંગાલ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ વર્કસની સ્થાપના પણ કરી હતી. અને જયારે બંગભંગનું આંદોલન થયુ ત્યારે તેમણે કહ્યું હતું કે 'વિજ્ઞાન રોકાઈ શકે છે, સ્વરાજ રોકાઈ શકે નહીં' તેઓ પણ પોતાના સંશોધનો બાજુએ મુકી આ લડતમાં સામેલ થઈ ગયા હતાં. 'ઈન્ડિયન એસોશિએશન ઓફ કલ્ટીવેશન ઓફ સાયન્સ' સાથે ડો. જગદીશચંદ્ર બોઝ, ડો. આસુતોષ મુખર્જી, ડો. સી.વી. રામન, આચાર્ય પ્રફુલચંદ્ર રોય, જેમની મદદથી ટાટાએ જમશેદપુરમાં ટાટા સ્ટીલ શરુ કર્યુ હતું. ભુગર્ભ વિજ્ઞાની પ્રમથનાથ બોઝ, આઈન્સ્ટાઈન સાથે ખભેખભા મિલાવનાર ડો. સત્યેન્દ્રનાથ બોઝ, ડો. મેઘનાદ સહાથી લઈને અનેક દિગ્ગજ અને મહાન વિજ્ઞાનીઓ જોડાયા હતાં. 'ઈન્ડિયન એસોશિએશન ઓફ કલ્ટીવેશન ઓફ સાયન્સ' માંથી પ્રેરણા લઈને જ અને સ્વામી વિવેકાનંદ જેવાના સુચનથી બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્ટિટયુટ ઓફ સાયન્સ જેવી સંસ્થા પણ સર્જાઈ હતી. જેણે આઝાદી પૂર્વે ભારતના વૈજ્ઞાનિક સમુદાયમાં રાષ્ટ્રવાદ અને સ્વદેશીની ચેતના જગાડી હતી. આ માટે ડો. પ્રફુલચંદ્ર રોય જેવાએ ધ હિન્દુ કેમેસ્ટ્રીના ગ્રંથો તો પ્રમથનાથ બોઝે હિસ્ટ્રી ઓફ હિન્દુ સિવિલાઈઝેશન અન્ડર બ્રિટીશ રૂલ કે વિભૂતિભૂષણ દત્તે હિસ્ટ્રી ઓફ હિન્દુ મેથેમેટીકસ જેવા ગ્રંથો લખ્યા. જેનાથી ભારતીય વિદ્યાર્થીઓ અને સંશોધકો પ્રાચીન ભારતમાં વિજ્ઞાનના ગૌરવશાળી વારસા વિશે જાણી શકે એમાંથી પ્રેરણા લઈ શકે અને આત્મવિશ્વાસ કેળવી શકે. આજે જયારે આપણે સ્વતંત્રતા દિન ઉજવીએ છીએ ત્યારે આઝાદીના આંદોલનના શહીદો અને સેનાનીઓનું સ્મરણ કરવા સાથે બૌદ્ધિક મોરચે કે આજે આપણે જેને સોફટ પાવર કહીએ છીએ એ ક્ષેત્રે પોતાની રીતે યોગદાન આપનારા આવા વિજ્ઞાનીઓને પણ યાદ કરવા જોઈએ.

### એક તરફ વિશ્વ સિંહ દિવસની ઊજવણી અને બીજી તરફ

## સિંહોની થઈ રહેલી પજવણી



પ્રકૃતિનો પંથ – મૌતિક દવે, ગુજરાત સ્ટેટહેડ (અતુલ), WWF

દર વરસે ૧૦ ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ગીરના એશિયાટિક સિંહોની પરિસ્થિતિ હાલમાં એક મોટા પરિવર્તન (Paradigm Shift) માંથી પસાર થઈ રહી છે, જ્યાં એકતરફ વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે, તો બીજી તરફ તેમના ભૌગોલિક વિસ્તાર અને વર્તનમાં પણ મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે.

તાજેતરના વસ્તી અંદાજ (૨૦૨૫) મુજબ, ગુજરાતમાં સિંહોની સંખ્યા વધીને ૮૯૧ પર પહોંચી ગઈ છે. જોકે, આ સફળતાની સાથે સિંહો સામે કેટલાક નવા પડકારો અને પરિસ્થિતિઓ પણ સર્જાઈ છે, જેને નીચે મુજબ સમજી શકાય

**૧. રહેઠાણમાં પરિવર્તન**

ગીર રાષ્ટ્રીય ઉદ્યાનનો મુખ્ય વિસ્તાર હવે સિંહોની વધતી વસ્તી માટે નાનો પડી રહ્યો છે. તેથી જંગલની બહાર વસવાટ જોવા મળી રહ્યો છે.

**રેવન્યુ વિસ્તારોમાં સ્થળાંતર**

આશરે ૪૫ ટકાથી વધુ સિંહો હવે સરકારી જંગલ વિસ્તારની બહાર, જેમ કે ખેતરો, નદીના પટ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં કાયમી વસવાટ કરી રહ્યા છે.

**મુખ્ય ઉદ્યાનનો નવા જિલ્લાઓમાં વિસ્તાર**

૧. સિંહો હવે માત્ર જૂનાગઢ કે અમરેલી પૂરતા મર્યાદિત નથી, પરંતુ ભાવનગર, રાજકોટ, પોરબંદર અને બોટાદ સહિત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ સુધી ફેલાઈ ચૂક્યા છે. બરડા વન્યજીવ અભયારણ્યને સિંહોના બીજા ઘર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

**૨. સિંહોના વર્તનમાં ફેરફાર (Behavioural Changes) માનવો પર નિર્ભરતા :**

વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટના અહેવાલો દર્શાવે છે કે જંગલની બહાર રહેતા સિંહો હવે કુદરતી શિકાર કરવાને બદલે પાલતુ પશુઓ અથવા ત્યજી દીધેલા પશુઓ પર વધુ નિર્ભર બન્યા છે.

**માણસોનો ડર ઓછો થવો :**

પ્રવાસીઓ દ્વારા ગેરકાયદેસર રીતે સિંહોને લલચાવવાની (Baiting) પ્રવૃત્તિઓ અને માનવ અવરજવરને કારણે સિંહો હવે માણસોથી ડરતા નથી, જે તેમના મૂળભૂત જંગલી સ્વભાવની વિરુદ્ધ છે.

**૩. માનવ-સિંહ સંઘર્ષમાં વધારો (Human-Lion Conflict) હુમલાની ઘટનાઓ**

: છેલ્લા કેટલાક સમયમાં ખાસ કરીને અમરેલી અને ગિરનાર વિસ્તારમાં સિંહો દ્વારા માણસો અને બાળકો પર હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે.

**પાંજરે પૂરવાની ફરજ**

: સંઘર્ષ વધવાના કારણે વન વિભાગે તાજેતરમાં ૩૦ થી વધુ સિંહોને રેવન્યુ વિસ્તારમાંથી પકડીને પાંજરે પૂરવા પડ્યા છે, જેના કારણે સિંહપ્રેમીઓમાં ચિંતા ફેલાઈ છે.

**૪. આરોગ્ય અને રોગચાળાનું જોખમ, વાયરસનો ખતરો**

: તાજેતરમાં ગીરના કેટલાક વિસ્તારોમાં બાબિસિઓસિસ (Babesiosis) જેવા ઈન્ફેક્શન અથવા વાયરસના કારણે સિંહો અને બાળ સિંહોના મોતના કિસ્સા સામે આવ્યા છે.

**એક જ ભૌગોલિક વિસ્તારનું જોખમ**

: તમામ એશિયાટિક સિંહો એક જ સૌરાષ્ટ્ર વિસ્તારમાં કેન્દ્રિત હોવાથી, કોઈપણ મોટો રોગચાળો આખી પ્રજાતિના અસ્તિત્વ માટે જોખમ ઊભું કરી શકે છે.

**૫. વન વિભાગ અને સરકારના પગલાં પ્રતિબંધો અને કડકાઈ**

: વધતા સંઘર્ષને રોકવા માટે ગુજરાત સરકારે ગીરમાં નવા રિસોર્ટ્સના બાંધકામ પર પ્રતિબંધ મૂક્યો છે અને ગેરકાયદેસર હોમસ્ટે સામે ઝુંબેશ શરૂ કરી છે.

**૬. ટેકનોલોજીનો ઉપયોગ**

: સિંહોની હિલચાલ પર નજર રાખવા માટે થર્મલ ડ્રોન, રેડિયો કોલર અને વધુ ટ્રેકર્સ તૈનાત કરવામાં આવ્યા છે.

**એશિયાઈ સિંહ (Panthera leo persica)** એ જંગલનો રાજા છે. એશિયાઈ સિંહ માત્ર ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને મુખ્યત્વે ગિર રાષ્ટ્રીય ઉદ્યાન માં જ જોવા મળે છે. તેનું વજન ૧૫૦ થી ૧૮૦ કિલો અને આયુષ્ય ૧૫ થી ૧૮ વર્ષ હોય છે. તે મુખ્યત્વે રાત્રે શિકાર કરે છે.

**એશિયાઈ સિંહો વિષે જાણવાં જેવું :**

**વૈજ્ઞાનિક નામ :** પેન્થેરા લિઓ પર્સિકા (Panthera leo persica).

**અન્ય નામ :** સાવજ, કેસરી, વનરાજ.

**ખોરાક :** માંસાહારી પ્રાણી જે હરણ, નીલગાય વગેરેનો શિકાર કરે છે.

**શિકાર કરવાની રીત :** મોટે ભાગે શિકાર સિંહણ કરે છે.

**સિંહ ની ગર્જના :** લગભગ ૫ માઈલ અથવા ૮ કિલોમીટર સુધી સ્પષ્ટ સાંભળી શકાય છે.

**સિંહ મનુષ્ય ઉપર કયારે હુમલો કરી શકે?**

: સિંહે મારણ કર્યું હોય ત્યારે કે તે મેટિંગ ટાઈમમાં હોય ત્યારે તેને એકદમ શાંતિની જરૂર હોય છે. આવા સમયે સિંહની નજીક કે આજુબાજુ રહેવું હિતાવહ નથી. આવા સમયે સિંહ આક્રમક બની હુમલો કરી શકે છે.

## ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં ડો. વિક્રમ સારાભાઈની ૧૦૭મી જન્મજયંતિ ઉજવાઈ






સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર, (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - NCSM, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના જનક ડૉ. વિક્રમ સારાભાઈની ૧૦૭મી જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ અવસર નિમિત્તે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુલાકાતીઓમાં વિજ્ઞાન તેમજ અંતરિક્ષ વિજ્ઞાન પ્રત્યે ઊંડો રસ અને જિજ્ઞાસા કેળવાય તેવા શુભ હેતુથી વિવિધ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય ભાગરૂપે પ્રજ્ઞેશ રાઠોડ, જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા "Dr. Vikram Sarabhai – Father of India's Space Programme" વિષય પર એક પ્રેરણાદાયી લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન (Popular Science Lecture) આપવામાં આવ્યું હતું.

પોતાના વ્યાખ્યાનમાં તેમણે ડૉ. વિક્રમ સારાભાઈના પ્રેરણાદાયી જીવનપ્રસંગો અને દેશના સામાજિક-આર્થિક વિકાસ માટે વિજ્ઞાન તેમજ અંતરિક્ષ ટેકનોલોજીના દૂરંદેશી ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ ઉપરાંત તેમણે કોસ્મિક કિરણો (Cosmic Rays) પર તેમનાં સંશોધનો તેમજ તેમણે સ્થાપેલી દેશની નામાંકિત સંસ્થાઓ જેવી કે ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (PRL), ભારતીય પ્રબંધન સંસ્થાન (IIM) અને વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC)ના અતુલનીય પ્રદાન વિશે સવિસ્તાર પ્રકાશ પાડ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ડૉ. સારાભાઈના ભારતીય અંતરિક્ષ કાર્યક્રમમાં યોગદાનને દર્શાવતી વિશેષ ડોક્યુમેન્ટરી ફિલ્મનું સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓ માટે રસ-દ વિજ્ઞાન પ્રયોગ નિદર્શન (Science Demonstration) પણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન મળે તે હેતુથી હેન્ડ્સ ઓન એક્ટિવિટી (Hands-on Activity) હેઠળ વોટર રોકેટના પ્રક્ષેપણની પ્રવૃત્તિ યોજાઈ હતી, જેમાં પ્રતિભાગીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને રોકેટના કાર્યસિદ્ધાંતો અને પ્રક્ષેપણ પાછળ રહેલા ન્યુટનના ગતિના ત્રીજા નિયમ અને વૈજ્ઞાનિક વિભાવનાઓને વ્યવહારિક રીતે સમજવાની અનન્ય તક મળી હતી. આ આયોજન અંતર્ગત ડૉ. વિક્રમ સારાભાઈના જીવન પર આધારિત એક વિશેષ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

સાથે જ ઉપસ્થિત વિદ્યાર્થીઓને ભારતની સૌથી મોટી ડિજિટલ વિજ્ઞાન પ્રતિભા ખોજ પરીક્ષા પ્ર વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) વિશે સઘન માર્ગદર્શન પૂરું પાડી વિધ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરવા પ્રેરિત કર્યા હતા.

તેમજ VVM માહિતી પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનમાં ૨૫૩ જેટલા વિદ્યાર્થીઓ, ૨૩ શિક્ષકો અને સ્થાનિક વિજ્ઞાનપ્રેમીઓએ સક્રિયપણે ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના તમામ સ્ટાફ મિત્રોનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## જોથાણાની વિદ્યાલયમાં સર્પસૃષ્ટિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

શ્રીમતી કે.વી. માંગુકિયા દિવ્યજીવન સાધના વિદ્યાલય, જોથાણ ખાતે ગ્રીન ગાર્ડીયન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્પસૃષ્ટિની જાગૃતિ માટે સુંદર કાર્યક્રમનું આયોજન થયું. વન્યપ્રાણીઓ અને સર્પસૃષ્ટિનું સંરક્ષણ એ પર્યાવરણ અને કુદરતી આહાર શૃંખલાના સંતુલન માટે અત્યંત આવશ્યક છે. આ સંસ્થાના સ્થાપક શ્રીરજનીકાંતભાઈ ચૌહાણ અને પાર્થ ભાઈ કંસારા અને તેની સમગ્ર ટીમ જેઓ વન્યજીવો અને સર્પસૃષ્ટિનું ખૂબ જ વિશેષ જ્ઞાન ધરાવે છે. તેઓએ શાળાના બાળકોને પ્રથમ જીવસૃષ્ટિ વિષે પૃથ્વી પરના તમામ જીવનું મહત્વ પ્રેઝેન્ટેશન અને વિડીયો દ્વારા બતાવ્યું અને ત્યારબાદ વિવિધ પ્રકારના સાપોના પોસ્ટર/ચિત્રો, મોડલ બતાવી, ઝેરી, બિનઝેરી કે અર્ધઝેરી સાપોની ઓળખ કરાવી. સર્પદંશથી કેવી રીતે બચી શકાય તે બાબતે પણ માહિતગાર કર્યા. સમાજમાં સાપ વિશે પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ વિશે પણ જાણકારી આપી, બાળકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો, ૭૦૦ જેટલા મોટી સંખ્યામાં બાળકો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા, કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્યા મેડમ, નિયામક દ્વારા ટ્રસ્ટના દરેક સભ્યોને સ્મૃતિભેટ અને ફૂલ આપી આવકારવામાં આવ્યા.

શાળાના શિક્ષિકા ડિમ્પલબેન પટેલ દ્વારા કાર્યક્રમનો સફળ સંચાલન કરવામાં આવ્યું.

અંગ્રેજી માધ્યમના આચાર્ય દિનેશભાઈ ચૌધરી દ્વારા આભાર સંદેશ પાઠવવામાં આવ્યા.


દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોડ
અથવા ઓનલાઈન
વાંચવા માટે વેબસાઈટ
www.damangangatimes.com
ની મુલાકાત લો.


## અમરોલીમાં સત્ય શોધક સભાનો પ્રોગ્રામ યોજાયો

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

અમરોલીની આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે સત્ય શોધક સભા, સુરતના ઉપક્રમે સમાજના પ્રવર્તતા અંધશ્રદ્ધા અને વહેમ ના સંદર્ભે કોલેજના વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે માટે સત્ય શોધક સભાના પ્રમુખ પ્રો. સૂર્યકાંતભાઈ શાહ તથા અન્ય સભ્યો અને પ્રિ. ડો. સેજલબેન દેસાઈની હાજરીમાં કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રસંગે અંધશ્રધ્ધા ની માયાજાળમાંથી સાવધાન રહેવા માટે વલસાડ કોલેજના પૂર્વ આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે અનુરોધ કર્યો હતો. ડૉ. નાયકે વધુમાં જણાવ્યું હતું કે ફક્ત અભણ લોકોમાં જ નહીં શિક્ષિત લોકોમાં પણ અંધશ્રદ્ધાના દર્શન થાય છે. બાબાઓ કે બાપુઓ દ્વારા ભૂતપ્રેતની જે વાતો કરવામાં આવે છે તે અંધભક્તો ડર અને અજ્ઞાનતાને કારણે વિશ્વાસ કરીને માની લે છે. સંત કબીર દાસનો ઉલ્લેખ કરતા વક્તાએ જણાવ્યું હતું તે પથ્થર પૂજવાથી ભગવાન મળતા હોત તો લોકો પહાડને પણ પૂજવા



તૈયાર થાય ! બાબા કે ફકીરોની દરેક વાતને તર્ક કે લોજીકને આધારે ચકાસવી જોઈએ. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવ્યા વિના અંધશ્રદ્ધાળુઓ કહેવાતા મહાત્માના શરણે જાય છે અને પાયમલ થઈ જાય છે. આપણા ભારત દેશમાં બાબાઓનું જબરદસ્ત નેટવર્ક ચાલે છે. તકવાદી અને ભોગવાદી બાબાઓ અંધભક્તોનું બધી રીતે શોષણ કરે છે. કોલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને તર્ક આધારિત વિચારશરણી અપનાવીને અંધશ્રદ્ધાની જાળમાં નહીં ફસાવા માટે વક્તાએ અનુરોધ કર્યો હતો. સ્વાગત પ્રવચન અને મહેમાનોનું સ્વાગત પ્રિ.ડૉ. સેજલબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ પ્રો. સૂર્યકાંતભાઈભાઈએ આટોપી હતી. વિદ્યાર્થીઓએ કાર્યક્રમને માણ્યો હતો.

આપનું અખબાર : આપનો અવાજ
DGT

# ઉમરગામ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Friday 14, August 2026

● ઉમરગામ ● સંજાણ ● ભીલાડ ● સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૯૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## કાલય હળપતિ આશ્રમમાં નવી લાયબ્રેરીનું લોકાર્પણ કરાયું

### સરીગામ રોટરી કલબ દ્વારા માંડા શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** રોટરી કલબ ઓફ સરીગામ દ્વારા શૈક્ષણિક અને સામાજિક સેવા ક્ષેત્રે એક વધુ સરાહનીય પહેલ કરવામાં આવી હતી. મંગળવાર, તા.૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ હળપતિ આશ્રમ, પાલીકરમબેલી ખાતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે નવી લાયબ્રેરીનું હસ્તાંતરણ કરવામાં આવ્યું હતું.

આ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓની સુવિધા માટે ૨૦ ખુરશીઓ, ૫ ટેબલ, ૨ કબાટ તથા આશરે ૧૫૦ જેટલા પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રોજેક્ટને રોટરી કલબ ઓફ સરીગામના પ્રમુખ રોટે. રેશમા રાવ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રુચિ વધે, જ્ઞાનનો વિસ્તાર થાય અને અભ્યાસ માટે વધુ સારી સુવિધા ઉપલબ્ધ બને તે હેતુથી લાયબ્રેરી અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત રોટરી કલબ ઓફ સરીગામ દ્વારા માંડા પ્રાથમિક શાળાના આશરે ૨૦૦ વિદ્યાર્થીઓને પુસ્તકો તથા સ્ટેશનરીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ માટે દિપક નંદા, પ્રવીણભાઈ છાજેડ, ડો.આશિષ અને ડો. જહાન્વી આરેકર દ્વારા સ્પોન્સરશિપ આપવામાં આવી હતી.

રોટરી કલબ ઓફ સરીગામ દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતી આવી સેવાકીય પ્રવૃત્તિઓથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પ્રોત્સાહન અને જરૂરી શૈક્ષણિક સામગ્રી મળી રહી છે. રોટરી કલબની આ પહેલને વાલીઓ, શિક્ષકો તથા ગ્રામજનો દ્વારા બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે રોટરી કલબ ઓફ સરીગામનાં સભ્યો, ગ્રામજનો, શિક્ષક મિત્રો, શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## ઉમરગામમાં તિરંગાયાત્રા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ઉમરગામ શહેર ભાજપ દ્વારા પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલાના નેતૃત્વમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં ઉમરગામના નગરજનો, ભાજપના આગેવાનો-કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજ સાથે જોડાયા હતા. ઉમરગામ ક્લોક ટાવર ખાતેથી પ્રારંભ થયેલી તિરંગા યાત્રા જૂના ઉમરગામ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી પરત ક્લોક ટાવર ખાતે આવી પહોંચી હતી. સમગ્ર યાત્રા દરમિયાન દેશભક્તિના નારા અને તિરંગાની આન-બાન-શાનથી ઉમરગામનું વાતાવરણ રાષ્ટ્રભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.

યાત્રામાં ઉમરગામ શહેર ભાજપ પ્રભારી પરેશ દેસાઈ, મામલતદાર, નગરપાલિકા ચીફ ઓફિસર અતુલ ચંદ્ર સિન્હા, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર, ભાજપના કોર્પોરેટરો, આગેવાનો, કાર્યકરો, નગરજનો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ૨૦૪૭ સુધી વિકસિત ભારતના સંકલ્પમાં યુવાનોની ભૂમિકા મહત્વપૂર્ણ રમણભાઈ પાટકર તિરંગા યાત્રા દરમિયાન ધારાસભ્ય રમણભાઈ પાટકરે પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ દેશના નાગરિકોમાં રાષ્ટ્રભાવના વધુ મજબૂત બને, ખાસ કરીને યુવાનો દેશના વિકાસમાં સક્રિય સહભાગી બને અને વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતનો સંકલ્પ સાકાર થાય તે હેતુથી તાલુકા તથા શહેરી કક્ષાએ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તેમણે આઝાદીની લડત દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ જનજાગૃતિ માટે કરેલા પ્રયાસો અને આંદોલનોનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, આજે પણ દેશની જનતામાં રાષ્ટ્રભાવના અને જનજાગૃતિ વધારવા વડા-ધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તિરંગા યાત્રા પણ આ જ અભિયાનનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

## ધોળીપાડામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ભક્તિમય પ્રારંભ

### ધારાસભ્ય રમણભાઈ પાટકરના નિવાસસ્થાનેથી ૧૦૮ પોથીની વાજતે-ગાજતે શોભાયાત્રા કથા સ્થળે પહોંચી : ૨,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં સંગીતમય કથાનો પ્રારંભ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** તાલુકાના ધોળીપાડા ખાતે સાંસ્કૃતિક વિકાસ મંડળ દ્વારા સાંસ્કૃતિક હોલમાં સર્વ પિતૃ મોક્ષાર્થે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ભક્તિમય માહોલમાં પ્રારંભ થયો હતો. ધારાસભ્ય રમણભાઈ પાટકરના નિવાસસ્થાનેથી ૧૦૮ પોથીની વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી કથા સ્થળે પહોંચી હતી.

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય કથાકાર પૂજ્ય પ્રફુલભાઈ શુક્લે કથાના આયોજક ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા સંયોજક વિજયભાઈ પાટકર દ્વારા કરવામાં આવેલા આયોજનની પ્રશંસા કરી હતી. ત્યારબાદ સંગીતમય કથાના માધ્યમથી ઉપસ્થિત શ્રોતાભક્તોને શ્રીમદ્ ભાગવત કથાનો સાર સંભળાવ્યો હતો. કથાના પ્રારંભ પ્રસંગે આશરે ૨,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં આમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલા અગ્રણી બિલ્ડર રાજેશભાઈ મિસ્ત્રી, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, સરીગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન તથા ઉમરગામ તાલુકાના પૂર્વ ભાજપ પ્રમુખ દિલીપભાઈ ભંડારી, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ તથા ઉમરગામ નગરપાલિકાના ચીફ ઓફિસર અતુલ ચંદ્ર સિન્હાનું ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા આયોજકો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમિયાન વસ્ત્રદાનનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ કથા વિરામ બાદ દરરોજ સાંજે ભક્તો માટે મહા-સાદનું આયોજન કરાયું છે. સાંસ્કૃતિક વિકાસ મંડળ ધોળીપાડા દ્વારા સાંસ્કૃતિક હોલ ખાતે આ આઠમી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન દરમિયાન ઉમરગામ તાલુકાની આઠ જિલ્લા પંચાયત બેઠકો હેઠળની ગ્રામ પંચાયતોમાંથી આશરે એક લાખ જેટલા શ્રોતાભક્તો કથાનું રસપાન કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. ભવ્ય અને દિવ્ય આયોજનને સફળ બનાવવા સહયોગ આપનાર તમામનો ધારાસભ્ય રમણભાઈ પાટકર, એપીએમસી ડિરેક્ટર વિજયભાઈ પાટકર તથા સાંસ્કૃતિક વિકાસ મંડળના સભ્યોએ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તમામ શ્રદ્ધાળુઓને શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું હતું.

## ઉમરગામ તાલુકા મેડિકલ કલબની નવી ટીમની નિમણૂંક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** ઉમરગામ તાલુકા મેડિકલ કલબ દ્વારા આગામી વર્ષ માટે નવી કારોબારી ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ડૉ. ગૌરવ લાડની પ્રમુખ, ડૉ. હર્ષિલસિંહ પરમારની સેક્રેટરી અને ડૉ. અવિનાશ પઢિયારની ખજાનચી તરીકે નિમણૂક કરવામાં આવી છે. નવી ટીમનો પદગ્રહણ સમારોહ જાણીતા સર્જન ડૉ. રાજેશ શ્રીવાસ્તવના હસ્તે યોજાયો હતો. નવી ટીમ તબીબોમાં એકતા અને વ્યાવસાયિક સહયોગને વધુ મજબૂત બનાવવા સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ, આરોગ્ય જાગૃતિ અને સામાજિક સેવાના કાર્યક્રમોને પ્રોત્સાહન આપશે. તબીબી જગતના સભ્યોએ નવી ટીમને અભિનંદન પાઠવી સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## ઉમરગામની શાળામાં શેઠ દંપતી દ્વારા રૂા. ૧ લાખની સહાય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિને કારણે અનેક પરિવારોને નુકસાન થયું હતું. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ન થાય અને તેઓ પોતાની શૈક્ષણિક સફર નિર્વિઘ્ને આગળ ધપાવી શકે તેવા ઉદ્દેશથી શ્રી મિહિરભાઈ શેઠ તથા તેમના ધર્મપત્ની અવનીબેન શેઠે તા.૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ શાળાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મિહિરભાઈ શેઠ તથા અવનીબેન શેઠ દ્વારા તાજેતરના પૂરથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયરૂપે કુલ રૂા.૧,૦૦,૦૦૦/- (એક લાખ રૂપિયા)ની રોકડ સહાય અર્પણ કરવામાં આવી હતી. આ સહાયની રકમનું ચેક દ્વારા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાય માત્ર આર્થિક મદદ નથી, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા વિદ્યાર્થીઓ માટે તમારા અભ્યાસમાં અમે તમારી સાથે છીએ એવો હૂંફ અને વિશ્વાસનો સંદેશ પણ છે.

આ પ્રસંગે ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ, ખજાનચીશ્રી બંકિમભાઈ શાહ, શાળાના આચાર્ય અલ્પેશકુમાર પટેલ, સહ આચાર્યા જેસલબેન શાહ, પ્રાથમિક વિભાગના સુપરવાઈઝર પ્રસાદ સર તથા શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર દ્વારા શેઠ દંપતીની આ સંવેદનશીલ અને સેવાભાવી પહેલ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સમાજના સક્ષમ અને સંવેદનશીલ લોકો દ્વારા શિક્ષણ માટે કરવામાં આવતી આવી સહાય વિદ્યાર્થીઓના જીવનમાં નવી આશા અને નવી ઊર્જાનો સંચાર કરે છે. શાળા પરિવાર મિહિરભાઈ શેઠ તથા અવનીબેન શેઠના આ માનવતાભર્યા અને શિક્ષણપ્રેમી સહયોગને બિરદાવે છે અને તેમના પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

## સંજાણ હોમમાં દિવ્યાંગ બાળકોને જરુરી ચીજવસ્તુઓનું વિતરણ કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માના જન્મદિવસ નિમિત્તે ઉમરગામ તાલુકા ભાજપ દ્વારા સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સંજાણા હોમ ખાતે દિવ્યાંગ બાળકોને કપડાં તેમજ અન્ય જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ બાળકોને જલેબી-ફાફડા ખવડાવી આનંદપૂર્વક જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નીરવ શાહ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નરેશભાઈ વડવી, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય દીપકભાઈ મિસ્ત્રી, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય વિનયભાઈ ધોળી, જિલ્લા પંચાયત સભ્ય નરેશભાઈ પરમાર સહિત તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો, ભાજપ સંગઠનના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે સંજાણા હોમના સંચાલકો દ્વારા દિવ્યાંગ બાળકોની જરૂરીયાતો અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નીરવ શાહે બાળકો માટે જરૂરી સહયોગ અને મદદ કરવાની ખાતરી આપી હતી. સેવાકીય ભાવના સાથે યોજાયેલી આ ઉજવણીમાં દિવ્યાંગ બાળકો સાથે ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓએ સમય વિતાવી ખુશીઓ વહેંચી હતી.

## ઉમરગામ શહેર ભાજપ દ્વારા દર્દીઓને ફ્રુટ વિતરણ કરાયા






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માના જન્મદિવસ નિમિત્તે ઉમરગામ શહેર ભાજપ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉમરગામ સીએચસી ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગૌશાળા ખાતે પહોંચીને ગૌમાતાની સેવા કરવામાં આવી હતી.

શહેર ભાજપના કાર્યકરો દ્વારા જન્મદિવસની ઉજવણીને સેવાભાવ સાથે જોડીને સમાજસેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ઉમરગામમાં ખેડૂતોને હાઈબ્રિડ શાકભાજીની કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અંતર્ગત વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ મુજબ જંગલ જમીનનો અધિકાર ધરાવતા (FRA) આદિજાતિ ખેડૂતોને ખેતી ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે હાઈબ્રિડ શાકભાજીની કિટ તથા આંબાની કલમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકર, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા તથા APMC ડિરેક્ટર વિજયભાઈ પાટકરના હસ્તે લાભાર્થી ખેડૂતોને કિટ અને આંબાની કલમો આપવામાં આવી હતી.

નાયબ બાગાયત નિયામકની કચેરી, વલસાડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ઉમરગામ તાલુકાના આશરે ૩૦૦ જેટલા FRA આદિજાતિ ખેડૂતોને યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો.

યોજનાનો મુખ્ય હેતુ વન અધિકાર ધરાવતા આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરી શાકભાજી સહિતની બાગાયતી ખેતીનું ઉત્પાદન વધારવાનો છે. હાઈબ્રિડ શાકભાજીની કિટ અને આંબાની કલમોના વિતરણથી ખેડૂતોને નવી ખેતી પદ્ધતિઓ અપનાવવામાં મદદ મળશે તેમજ તેમની આવકમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી. સરકાર દ્વારા આવી યોજનાઓના માધ્યમથી આદિજાતિ ખેડૂતોને ખેતી ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા અને તેમની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ઉમરગામ લાયન્સ કલબના પ્રમુખ તરીકે અનિલ જૈને પદભાર સંભાળ્યો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૩ :** ઉમરગામ તાલુકામાં વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલી લાયન્સ કલબ ઓફ ઉમરગામની આગામી વર્ષ માટેની નવી ટીમે પદભાર સંભાળ્યો છે. જેમાં પ્રમુખ તરીકે અનિલભાઈ જૈન, સેક્રેટરી તરીકે નયન શેઠ અને ટ્રેઝરર તરીકે દીપકભાઈ પંચાલ જવાબદારી સંભાળશે.

લાયન્સ કલબ ઓફ ઉમરગામ દ્વારા શૈક્ષણિક, સામાજિક, આરોગ્ય અને ધાર્મિક ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. દર વર્ષે વૃક્ષારોપણ, રક્તદાન શિબિર, આરોગ્ય કેમ્પ સહિતના સેવાકીય કાર્યક્રમો યોજી સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી સેવા પહોંચાડવામાં આવે છે.

શૈક્ષણિક ક્ષેત્રે ઉમરગામ કન્યાશાળાના વિદ્યાર્થીઓને દત્તક લઈ વિવિધ સુવિધાઓ પૂરી પાડવા જેવી કામગીરી પણ કલબ દ્વારા કરવામાં આવે છે. ધાર્મિક ક્ષેત્રે શિરડી પદયાત્રા દરમિયાન પદયાત્રીઓ માટે નાસ્તાની વ્યવસ્થા તેમજ ઉમરગામ ટાઉન ખાતે મફત આંખ તપાસ કેમ્પ યોજી લોકોને ઘરઆંગણે આરોગ્યલક્ષી સુવિધા પૂરી પાડવામાં આવે છે.

નવી ટીમ આગામી વર્ષ દરમિયાન પણ 'સેવા પરમો ધર્મના સૂત્રને સાકાર કરતાં સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવશે અને જરૂરિયાતમંદોને વિવિધ માધ્યમો દ્વારા જરૂરી સહાય પૂરી પાડશે.

## સરીગામ રોટરી કલબ દ્વારા સેલવાસમાં મફત એચપીવી રસીકરણ શિબિર યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૩ :** રોટરી કલબ ઓફ સરીગામ દ્વારા તા.૧૨/૦૮/૨૦૨૬ને બુધવારના દિવસે જૈન દેરાસર હોલ સેલવાસ ખાતે મફત HPV રસીકરણના 2nd dose અપાયો હતો.

આ કેમ્પમાં કુલ્લે ૧૪૪ વિધાથીનીંઓને આ બીજો ડોઝ વિનામૂલ્યે આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટના સ્પોનસર ચંદન સ્ટીલ લીમીટેડ અને મનદેવ ટ્યુબ પ્રાઈવેટ લિમિટેડ હતાં.

આ પ્રસંગે રોટરીનાં સભ્યો પ્રવીણભાઈ છાજેડ, પુષ્પા છાજેડ, ડો.ભાવનાબેન પરમાર, ડો.જયેશ દીક્ષિત, ડો.આશીષ આરેકર હાજર રહ્યા હતાં. તથા રોટરી વાપીનાં સભ્યો હાજર રહ્યા હતાં. પીડીજી ડો.સુરેન્દ્રસીહ પરમારે એન.આર. અગ્રવાલ રોટરી હોસ્પિટલ સરીગામનાં ડોકટર, નર્સ સ્ટાફ તથા એમ્બ્યુલન્સની સેવા પુરી પાડવામાં મદદ કરી હતી. આ રસીકરણ કાર્યક્રમ ને સફળ બનાવવા રોટરી પ્રમુખ રો.રેશમા રાવ, પ્રોજેક્ટ કો-ઓડીનેટર ડો.જાન્હવી આરેકર, સેક્રેટરી જૈવિક પટેલ, રો.મૌલીક મોદી એ જહેમત ઉઠાવી હતી આ કેમ્પમાં બાકી રહેલા ને ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી રસી આપવામાં આવશે.

## ઉમરગામ તાલુકાના મુખ્ય માર્ગો પર ઢોરોનો જમાવડો : અકસ્માતનો ભય



**ઉમરગામ, તા.૧૩ :** ચોમાસાની શરૂઆત સાથે ઉમરગામ તાલુકાના વિવિધ મુખ્ય માર્ગો પર રખડતા ઢોરના જમાવડાની સમસ્યા ગંભીર બની છે. માર્ગો પર અચાનક બેસી જતા કે ફરતા ઢોરને કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ સતત વધી રહ્યું છે. દર વર્ષે રખડતા ઢોરના કારણે અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા હોવાની સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ઉમરગામ તાલુકાના કોસ્ટલ હાઈવે, સંજાણ મુખ્ય માર્ગ, મોહન ગામથી દમણ તરફ જતો માર્ગ તેમજ ભીલાડ મુખ્ય માર્ગ સહિતના રસ્તાઓ પર ઢોરોના જમાવડાના કારણે વાહન વ્યવહારને અસર થઈ રહી છે. ખાસ કરીને મુખ્ય માર્ગો પર ઢોરના ટોળાં અડિંગો જમાવતા હોવાથી વાહનચાલકોને અચાનક બ્રેક મારવી કે વાહન વાળવાની ફરજ પડે છે, જેના કારણે અકસ્માતની સંભાવના વધી જાય છે. રાત્રિના સમયે માર્ગ પર બેઠેલા ઢોર અંધારામાં વાહનચાલકોને સરળતાથી દેખાતા નથી. જેના કારણે વાહન અને ઢોર વચ્ચે અથડામણ થવાના અનેક બનાવો ભૂતકાળમાં બન્યા છે. આવી ઘટનાઓમાં વાહનચાલકોને ગંભીર ઈજાઓ પણ પહોંચી છે.

સ્થાનિક ગ્રામજનો દ્વારા ઢોરોના જમાવડાની સમસ્યાના કાયમી ઉકેલ માટે વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી છે. ત્યારે કોઈ નિર્દોષ વ્યક્તિ અકસ્માતનો ભોગ બને તે પહેલાં જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી મુખ્ય માર્ગો પરથી રખડતા ઢોરને દૂર કરવા તેમજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ ઉઠી છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Friday 14, August 2026

## બાળકો માટે ડિજિટલ દુનિયામાં સલામતની અનિવાર્યતા

આધુનિક સમયમાં ઈન્ટરનેટ અને તેને આધારિત ડિજિટલ પ્લેટફોર્મનું ચલણ અમર્યાદિત વધી ગયું છે. આજે શિક્ષણથી માંડીને વેપાર અને વ્યવસાય સુધી આવા પ્લેટફોર્મ એક તરફ આશીર્વાદરૂપ બની રહ્યા છે, ત્યારે તેના ઉપયોગથી બાળકોના માનસિક સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થઈ રહ્યાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. બાળકોને ડિજિટલ દુનિયામાં સલામત રાખવાની અનિવાર્યતા હવે વિશ્વના દેશોમાં અનુભવાઈ રહી છે. એક તરફ ઓસ્ટ્રેલિયા સહિતના દેશોએ બાળકોને આવા જોખમી સોશિયલ મીડિયા પ્લેટફોર્મના ઉપયોગની મનાઈ ફરમાવી છે, તો બીજી તરફ અમેરિકાએ આવા વૈશ્વિક પ્લેટફોર્મ્સ પર ભારે દંડ ફટકારવાનું શરૂ કર્યું છે. આરંભમાં તમામ વર્ગ માટે ઉપયોગી, માહિતીપ્રદ અને મનોરંજક બની રહેલા ડિજિટલ માધ્યમના જોખમો હવે ચિંતાજનક રીતે સામે આવી રહ્યા છે. આ માધ્યમોના ઉપયોગથી બાળકોની મનોસ્થિતિ પર પડતી અવળી અસરના જોખમોના સંદર્ભમાં અમેરિકાની એક અદાલતે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની માલિક કંપની મેટા ઉપર ૫૬.૭૦ કરોડ ડોલરનો ભારે દંડ ફટકાર્યો છે. આમ તો આ કંપનીએ ગયાં વર્ષે લગભગ ૬૦ અબજ ડોલરનો જંગી નફો રળ્યો હતો, એટલે તેને આ દંડ ચૂકવવાનું મુશ્કેલ નહીં રહે. જો કે, અદાલતે મેટાને તેના પ્લેટફોર્મમાં જે સુધારા કરીને બાળકોની સલામતીને સુનિશ્ચિત કરવાનો આદેશ કર્યો છે, તે આ કંપની માટે સરળ રહે તેમ નથી. આદાલતે આ દંડનો આદેશ કરતી વેળાએ સ્વીકાર્યું છે કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. આ પ્લેટફોર્મને જે રીતે તેયાર કરાયું છે તે બાળકોમાં તેની લત લગાવે તેવું છે. બાળકોને યૌન શોષણથી બચાવવામાં પણ મેટા વિફળ રહી છે. અદાલતે તેણે ફટકારેલા દંડનો એક હિસ્સો આવા પ્લેટફોર્મથી અસર પામેલાના કલ્યાણ માટે ખર્ચવાનો આદેશ કર્યો છે. મેટા કંપનીની સામેનું એક બીજું જોખમ પણ તોળાય છે. જે અદાલતે દંડનો આદેશ કર્યો છે, તે ન્યૂ મેક્સિકો રાજ્યની છે. આવા સંખ્યાબંધ કેસ અન્ય રાજ્યોમાં પણ મેટા સામે ચાલી રહ્યા છે. અમેરિકાની અદાલતે મેટાને સલામતીના ધોરણો અમલી બનાવવા આદેશ કર્યો છે. આ ધોરણો આગામી પાંચ વર્ષ સુધી અમલી રાખવાની તાકીદ કરાઈ છે. ખેરખર તો આવાં પગલાં માત્ર અમેરિકા પૂરતા મર્યાદિત રાખવાને બદલે તેનો વૈશ્વિક સ્તરે અમલ થવો જોઈએ. સાથોસાથ મેટા દ્વારા જે ધોરણો અમલી બને તેની સતત ચકાસણી કરવા અને તેનો અન્ય પ્લેટફોર્મ માટે પણ ફરજિયાત અમલ કરાવવાના કાયદા દરેક દેશે ઘડી કાઢવા જોઈએ.

# સંસદનું ચોમાસુ સત્ર પૂર્ણ



**નવી દિલ્હી :** સંસદનું ચોમાસુ સત્ર આજે, ૧૩ ઓગસ્ટે પૂર્ણ થયું છે. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી છે. સત્રના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ લોકસભામાં હાજર રહ્યા હતા. કાર્યવાહી શરૂ થતાં પહેલાં 'વંદે માતરમ'નું ગાન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભામાં પણ સમગ્ર 'વંદે માતરમ' ગવાયા બાદ ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી.

રાજ્યસભામાં ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા બિલ, ૨૦૨૬ પસાર કરવામાં આવ્યું છે. સત્ર દરમિયાન વિક્ષેપો વચ્ચે સરકારે બહુમતીના આધારે અનેક મહત્વના બિલો પસાર કરાવ્યા હતા.

૨૦ જુલાઈથી શરૂ થયેલા ચોમાસુ સત્ર દરમિયાન વિપક્ષે અનેક મુદ્દાઓને લઈને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહીને લઈને વિપક્ષે સવાલો ઉઠાવ્યા હતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના જવાબની માંગ કરી હતી. આ ઉપરાંત અયોધ્યાના રામ મંદિરમાં પ્રસાદ અને દાનની કથિત ચોરીના મુદ્દે પણ વિપક્ષે સરકાર પાસે સ્પષ્ટતા માગી હતી.

વિપક્ષના વિરોધને કારણે બંને ગૃહોમાં વારંવાર કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. પરિણામે ઘણા દિવસો સુધી પ્રશ્નકાળ અને શૂન્યકાળની કામગીરી પણ અસરગ્રસ્ત રહી હતી.

સત્ર દરમિયાન વિક્ષેપો વચ્ચે સરકારે પેપર લીક વિરોધી કાયદો, કરવેરા સુધારા, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવા સંબંધિત બિલ, MSME સુધારા બિલ અને ટ્રિબ્યુનલ્સ રિફોર્મ્સ બિલ સહિત અનેક કાયદાકીય દરખાસ્તો પસાર કરી હતી.

જોકે, કેટલાક મહત્વના બિલો, જેમાં FCRA સુધારા બિલ અને સીમાંકન સંબંધિત કાયદાનો સમાવેશ થાય છે, તે પેન્ડિંગ રહ્યા હતા.સરકાર તરફથી ચર્ચા માટે તૈયારી દર્શાવવામાં આવી હોવા છતાં વિપક્ષનો વિરોધ ચાલુ રહ્યો. સત્રના એક દિવસ અગાઉ ગૃહમંત્રી અમિત શાહે પણ ચર્ચા માટે તૈયારી દર્શાવી હતી. તેમ છતાં અંતિમ દિવસે પણ સંસદની અંદર અને બહાર વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર જોવા મળ્યા હતા.

બીજી તરફ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષના વલણની ટીકા કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવાને બદલે પ્લેકાર્ડ સાથે સૂત્રોચ્ચાર કરી રહ્યો છે. રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર વિદ્યાર્થીઓના વિરોધ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે અને ગૃહમંત્રી પણ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર હતા.સત્રના અંતિમ દિવસે સંસદ પરિસરમાં NDA અને વિપક્ષી સાંસદો દ્વારા અલગ-અલગ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. બંને તરફથી સૂત્રોચ્ચાર વચ્ચે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આખરે લોકસભા અને રાજયસભાની કાર્યવાહી અનિ?તકાળ માટે સ્થગિત થતાં ચોમાસુ સત્રનો અંત આવ્યો.સત્ર દરમિયાન ભારે વિક્ષેપ વચ્ચે કાયદાકીય કામગીરી તો આગળ વધી, પરંતુ અનેક પ્રસંગોએ સંસદીય ચર્ચા અને મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા માટેનું વાતાવરણ બન્યું ન હતું.

# ભારતીય એરફોર્સને ૬૦ નવા મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ મળશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ : ભારતીય વાયુસેનાના જૂના કાર્ગો વિમાનોને બદલવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સંરક્ષણ મંત્રાલયે આશરે રૂ.૧ લાખ કરોડના ખર્ચે ૬૦ મલ્ટીરોલ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે. આ સોદાની મુખ્ય વિશેષતા એ છે કે ભારતીય કંપનીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, અને મોટાભાગના વિમાનોનું ઉત્પાદન ભારતમાં થશે. સંરક્ષણ અધિકારીઓએ સમાચાર એજન્સી છદ્ગૈં ને જણાવ્યું હતું કે HAL, Tata અને Mahindra સહિત ઘણી ભારતીય કંપનીઓ આ ટેન્ડરમાં ભાગ લેશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય કંપનીઓ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

મહિન્દ્રા ડિફેન્સે બ્રાઝિલની કંપની એમ્બ્રેર સાથે ભાગીદારી કરી છે. બંને કંપનીઓ ભારતીય વાયુસેના માટે C-390 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ઓફર કરશે. ટાટાએ અમેરિકન કંપની લોકહીડ માર્ટિન સાથે પણ ભાગીદારી કરી છે. બંને કંપનીઓ C-130 એરક્રાફ્ટ ઓફર કરશે, જેનો ઉપયોગ ભારતીય વાયુસેના દ્વારા ખાસ કામગીરી માટે પહેલાથી જ કરવામાં આવે છે.

આ કાર્યક્રમ હેઠળ લગભગ ૨૦% વિમાન ભારતીય વાયુસેનાને સંપૂર્ણપણે કાર્યરત સ્થિતિમાં મળશે. દરમિયાન બાકીના વિમાનોમાંથી આશરે ૮૦% ભારતમાં બનાવવામાં આવશે. આ વિમાનો ૬૦% થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરશે. ભારતીય વાયુસેના પાસે પહેલાથી જ 12 C-130J સુપર હર્ક્યુલસ વિમાન છે. આ વિમાનો વાયુસેનાના પરિવહન કાફલાનો ભાગ છે. વધુમાં વાયુસેના ઝ-૨૯૫ પરિવહન વિમાન પર એરબસ સાથે પણ કામ કરી રહી છે.

આશરે ૭૦ C-295 વિમાન વાયુસેનામાં સામેલ થવાના છે. આમાંથી મોટાભાગના વિમાનોનું ઉત્પાદન ભારતમાં કરવામાં આવશે. વાયુસેના તેના આધુનિકીકરણ પર પણ કામ કરી રહી છે.

આના ભાગ રૂપે તેણે ૧૧૪ રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડી દીધું છે. વધુમાં વાયુસેના ૧૦૦થી વધુ ટ્રેનર એરક્રાફ્ટનો સમાવેશ કરવાનું વિચારી રહી છે. આ વિમાન હાલના હોક જેટ ટ્રેનર એરક્રાફ્ટનું સ્થાન લેશે.

## બંગાળની ખાડીમાં વેધર સિસ્ટમ સર્જાતા

# દેશમાં ચોમાસું વધુ આક્રમક બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩

બંગાળની ખાડી અને મધ્ય ભારત પર એકસાથે નવી વેધર સિસ્ટમ સક્રિય થવાના કારણે દેશના પૂર્વ, મધ્ય અને ઉત્તરીય ભાગોમાં મેઘમહેર યથાવત રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ ની લેટેસ્ટ અપડેટ મુજબ, બંગાળની ખાડીમાં સર્જાયેલી આ સિસ્ટમ વધુ મજબૂત બનીને નીચા દબાણના ક્ષેત્રમાં ફેરવાઈ શકે છે, જેના પગલે આગામી દિવસોમાં દેશના અનેક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિકના જણાવ્યાનુસાર, પશ્ચિમ ભારતમાં પણ વરસાદી ગતિવિધિઓ વધુ તીવ્ર બનશે. ગુજરાતમાં મેઘગર્જના અને વીજળીના કડાકા-ભડાકા સાથે વિધિવત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય મહારાષ્ટ્રના વિદર્ભ, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વ્યાપક તેમજ ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.બંગાળની ખાડીમાંથી આવતા ભેજ અને પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) ની સંયુક્ત અસરને કારણે હિમાલયના પહાડી ક્ષેત્રોમાં ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. આ ઉપરાંત ઓડિશા, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં પડે તેવી સંભાવના છે. આગામી સપ્તાહ દરમિયાન ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોમાં વરસાદનું જોર વધુ વધશે, જ્યારે દક્ષિણ ભારતમાં હાલ પૂરતી ભારે વરસાદની શક્યતા ઓછી જણાઈ રહી છે

.હવામાન વિભાગ અનુસાર, ૧૩ ઓગસ્ટના રોજ પશ્ચિમ ભારતમાં પણ વરસાદની ગતિવિધિઓ તીવ્ર બનવાની ધારણા છે. ૧૩થી ૧૮ ઓગસ્ટ દરમિયાન કોંકણ અને ગોવાના ઘણાં વિસ્તારોમાં વરસાદની આગાહી છે. ૧૩મી અને ૧૪મી ઓગસ્ટના રોજ મધ્ય મહારાષ્ટ્રમાં વ્યાપક વરસાદની આગાહી છે. કોંકણ અને ગોવામાં ૧૩મી થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે, જ્યારે મધ્ય મહારાષ્ટ્રમાં ૧૩મી ઓગસ્ટ અને ફરીથી ૧૫ અને ૧૬મી ઓગસ્ટના રોજ ભારે વરસાદ પડવાની ધારણા છે. ૧૩મી ઓગસ્ટના રોજ ગુજરાત ક્ષેત્રમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદ પડવાની ધારણા છે. વિદર્ભમાં ૧૩મી થી ૧૭મી ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદ પડવાની ધારણા છે, જ્યારે ૧૩મીથી ૧૬મી ઓગસ્ટ દરમિયાન ભારે પવન અને વીજળી પડવાની શક્યતા છે.

# પેકેજ્ડ ફૂડ પર વોર્નિંગ લેબલ મુદ્દે સુપ્રીમ કોર્ટે FSSAIની ઝાટકણી કાઢી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં પેકેજ્ડ ખાદ્ય પદાર્થોના પેકેટ પર સ્વાસ્થ્ય સંબંધિત ચેતવણી દર્શાવતા લેબલ લગાવવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ભારતીય ખાદ્ય સુરક્ષા અને FSSAIને કડક સંદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે દેશના નાગરિકોને એ જાણવાનો પૂરો અધિકાર છે કે તેઓ શું ખાઈ રહ્યા છે અને તેમના ખોરાકમાં ખાંડ, મીઠું કે સેચ્યુરેટેડ ફેટ કેટલા પ્રમાણમાં છે.

સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે આ બાબત માત્ર નિયમો પૂરતી સીમિત નથી, પરંતુ કરોડો લોકોના સ્વાસ્થ્ય અને વિશેષ કરીને બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી છે. બેંચે કેન્દ્ર સરકારને છેલ્લી તક આપતાં બે અઠવાડિયાનો સમય આપ્યો છે અને ચેતવણી આપી છે કે જો કોઈ આખરી નિર્ણય લેવામાં નહીં આવે તો કોર્ટ પોતે જ આદેશ જારી કરશે.

આ મામલો પેકેજ્ડ ફૂડના પેકેટની આગળના ભાગે ચેતવણી આપતું લેબલ લગાવવા સાથે જોડાયેલો છે. આ પ્રસ્તાવ મુજબ, જે ખાદ્ય પદાર્થોમાં ખાંડ, મીઠું કે ફેટ નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ હોય, તેના પેકેટ પર સ્પષ્ટ ચેતવણી લખવી પડશે જેથી ગ્રાહકો ખરીદતા પહેલાં પૂરી માહિતી મેળવી શકે. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે FSSAIની બેઠકમાં લેવાયેલા નિર્ણયો સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશો મુજબના નથી.

જસ્ટિસ જે.બી. પારડીવાળા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે આ મામલાની સુનાવણી કરી હતી. અદાલતે સરકાર પક્ષના વકીલને પૂછ્યું કે, સ્પષ્ટ આદેશો હોવા છતાં અત્યાર સુધી નક્કર પગલાં કેમ લેવાયા નથી.

પીઠે આકરા શબ્દોમાં કહ્યું કે, એવું લાગે છે કે મોટી કોર્પોરેટ કંપનીઓનું સરકાર પર દબાણ છે અને સરકાર તેમની સામે ઝૂકી રહી છે, કોર્ટનો હેતુ કોઈ ઉદ્યોગ કે કંપનીને નુકસાન પહોંચાડવાનો નથી, પરંતુ જનહિત અને નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાનો છે.

કેન્દ્ર સરકારે પોતાની દલીલ આપતા કહ્યું કે, જો આ નવો નિયમ લાગુ કરવામાં આવશે તો નમકીન જેવી પરંપરાગત ભારતીય વાનગીઓ પણ તેની ઝપેટમાં આવી જશે અને લગભગ દરેક પેકેજ્ડ ફૂડ પર લાલ ચેતવણીનું નિશાન લગાવવું પડશે. તેનાથી આ ક્ષેત્ર સાથે જોડાયેલા લાખો નાના વેપારીઓ (MSME)ની રોજીરોટી પર માઠી અસર પડી શકે છે.




## સનશાઈન પિક્ચર્સ લિ.નો આઈપીઓ મંગળવાર, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

**સુરત, તા. ૧૩ :** સનશાઈન પિક્ચર્સ લિમિટેડ પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા પોતાના ઈક્વિટી શેરનો આઈપીઓ મંગળવાર, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગની તારીખ સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરુવાર, ૨૦ઓગસ્ટ, ૨૦૨૬ છે. ઓફરનો પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ.૩૪૨ થી રૂ.૩૬૦ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફર માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ રહેશે. જીવાયઆર કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે. આ ઓફરમાં પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૪૮,૦૦,૦૩૪ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેનું કુલ મૂલ્ય વધુમાં વધુ રૂ. ૧૭૨.૮૦ કરોડ છે.

# કાવેરી નદીના પાણી મુદ્દે બે રાજ્યના મુખ્યમંત્રી સામ-સામે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ : દક્ષિણ ભારતના બે રાજ્યો કાવેરી નદીના પાણીના વિવાદને લઈને આમને સામને આવી ગયા છે. કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટી (CWMA) દ્વારા તમિલનાડુને પાણી છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેના વિરોધમાં કર્ણાટકમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ નિર્ણય સામે આવતા જ રાજ્યના ખેડૂતો અને વિવિધ કન્નડ સંગઠનોએ ઉગ્ર પ્રતિક્રિયા આપી છે. આ વિવાદ વચ્ચે ગુરુવારે કર્ણાટક બંધનું એલાન કરવામાં આવ્યું છે, જેના કારણે રાજ્યની ઘણી બધી સેવાઓ પર તેની અસર પડી શકે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કન્નડ ચળવળ વાટલ પક્ષના સંયોજક વાટલ નાગરાજ સહિત અનેક કન્નડ અને કિસાન સંગઠનોએ આ બંધને સમર્થન જાહેર કર્યું છે. રાજ્યમાં સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી બંધ રહેશે. પ્રદર્શનકારીઓએ કર્ણાટક અને તમિલનાડુ વચ્ચેની સરહદને પણ રોકવાની ચેતવણી આપી છે. વાટલ નાગરાજ મુજબ, બેલગાવીથી ચામરાજનગર અને મંગલુરુથી કોલાર સુધીના ૨૦૦૦થી વધુ સંગઠનોએ આ બંધને ટેકો આપ્યો છે અને વિદ્યાર્થીઓએ પણ આ આંદોલનને સમર્થન આપ્યું છે. રિપોર્ટ્સ મુજબ, આ બંધ દરમિયાન પબ્લિક ટ્રાન્સપોર્ટ, ટેક્સી, ઓટો-રિક્ષા, હોટલો, દુકાનો અને અન્ય વ્યાવસાયિક સંકુલો પર તેની સીધી અસર જોવા મળી શકે છે.

બેંગલુરુમાં વિરોધ પ્રદર્શન અને ટ્રાફિકજામની સ્થિતિ સૌથી વધુ ગંભીર રહી શકે છે. જોકે, ખાનગી કાર્યાલયો સામાન્ય રીતે ચાલુ રહેવાની સંભાવના છે. આ ઉપરાંત, હોસ્પિટલો, મેડિકલ સ્ટોર્સ અને બેંકો જેવી તમામ કટોકટીની સેવાઓને બંધથી મુક્ત રાખવામાં આવી છે.

# ડીસામાં એશિયાનું પ્રથમ નાઈટ સફારી અને ઝૂ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ડીસા, તા.૧૩ : ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં ટૂંક સમયમાં એશિયાની પ્રથમ ડેઝર્ટ-થીમ (રણ-આધારિત) નાઈટ સફારી અને ઝૂનું નિર્માણ થશે. આ ઝૂમાં લગભગ ૮૩ પ્રજાતિના ૨,૭૦૦ પ્રાણીઓનો વસવાટ હશે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA) તરફથી મંજૂરી મળ્યા બાદ એશિયાના પ્રથમ ડેઝર્ટ-થીમ વાળા ડ્રાઈવ-થ્રુ નાઈટ સફારી અને ઝૂઓલોજિકલ પાર્કના નિર્માણનો માર્ગ સાફ થઈ ગયો છે. આ પ્રોજેક્ટ જૂના ડીસામાં લગભગ ૧૦૩ હેક્ટર સરકારી જમીન પર વિકસાવવામાં આવશે.

ગુજરાતના વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ પ્રોજેક્ટની માહિતી આપતા જણાવ્યું કે, આ યોજનાને ઝઢછ ની માર્ગદર્શિકા (ગાઈડલાઈન્સ) હેઠળ તૈયાર કરવામાં આવી છે અને તેનો અંદાજિત ખર્ચ રૂ.૫૪૨.૧૪ કરોડ છે. રાજ્ય સરકારની યોજના મુજબ આ પાર્કમાં લગભગ ૮૩ પ્રજાતિના ૨,૭૦૦ દેશી અને વિદેશી પ્રાણીઓ તેમજ પક્ષીઓને રાખવામાં આવશે. આ પાર્કનું સૌથી મોટું આકર્ષણ આંતરરાષ્ટ્રીય ધોરણો ધરાવતી નાઈટ સફારી હશે, જ્યાં પ્રવાસીઓ રાત્રિ દરમિયાન સક્રિય રહેતા વન્યજીવોને નજીકથી જોઈ શકશે.

આ યોજનામાં અલગ ડે ઝૂ (દિવસ માટેનું ઝૂ) સાથે નાઈટ સફારી માટે પાંચ વિશેષ પાંજરાં બનાવવામાં આવશે. ગુજરાતના પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ (વાઈલ્ડલાઈફ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન ડૉ. જયપાલ સિંહે જણાવ્યું કે સમગ્ર પાર્કની ડિઝાઈનમાં રણની પરિસ્થિતીકીય પ્રણાલી (ઈકોસિસ્ટમ)નું ધ્યાન રાખવામાં આવ્યું છે. અહીં કુદરતી શુષ્ક લેન્ડસ્કેપ વિકસાવવામાં આવશે.

પાર્કમાં ચિંકારા, કાળિયાર (બ્લેકબક), ભારતીય જંગલી ગધેડો (ઘુડખર), એશિયાટીક સિંહ અને દીપડા જેવી મુખ્ય પ્રજાતિઓ હશે. આ ઉપરાંત ભારતીય સાબરમતી શાહુડી (ઈન્ડિયન પોર્ક્યુપાઈન), ભારતીય સસલું, શેળો (હેજહોગ), રણનું સસલું, સ્લોથ બિયર (રીંછ), ઈન્ડિયન ક્યારાકલ (હેણોતરો), ભારતીય વરુ, શિયાળ, ઝરખ અને ભારતીય રણની લૂમડી પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

# કેન્દ્ર સરકાર કર્મચારીઓ માટે DAમાં ૩%નો વધારો જાહેર કરી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૩ : કેન્દ્ર સરકાર કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA)માં ૩%નો વધારો જાહેર કરી શકેછે. આ વધારો જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સ

મયગાળા માટે લાગુ પડે છે. ૩% DA વધારાનો અંદાજ તાજેતરના ફુગાવાના ડેટા પર આધારિત છે. આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલમાં ગણાશે. એટલે કે, કર્મચારીઓને તે તારીખથી વધેલા ઢછનો લાભ મળશે.

આ DA વધારાથી ૧.૨ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે. હાલમાં, કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે DA ૬૦% છે. જો સરકાર જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે DAમાં ૩% વધારો કરે છે, તો તે ૬૩% સુધી પહોંચી જશે.

કેન્દ્ર સરકાર વર્ષમાં બે વાર મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે, જેમાં વધારો ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈથી લાગુ થાય છે. આ સુધારો AICPI-IWના ૧૨ મહિનાની સરેરાશ પર આધારિત છે. જુલાઈ ૨૦૨૬ના વધારા માટે જુલાઈ ૨૦૨૫થી જૂન ૨૦૨૬ સુધીના AICPI-IW ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ, શ્રમ અને રોજગાર મંત્રાલયે અહેવાલ આપ્યો હતો કે જૂન ૨૦૨૬ માટે ઓલ ઈન્ડિયા CPI-IW 1.1 પોઈન્ટ વધીને ૧૫૧.૯ પોઈન્ટ પર પહોંચ્યો છે. વધુમાં, AICPI-IWનો ૧૨ મહિનાનો સરેરાશ ૧૪૯.૫૪ રહ્યો. આ આકડાને ૧૨ મહિનાના સરેરાશ મૂલ્ય ૭મા પગાર પંચના ફોર્મ્યુલા પર લાગુ કરવામાં આવે છે, ત્યારે મોંઘવારી ભથ્થું આશરે ૬૩.૭ટકા થાય છે. પરિણામે, મોંઘવારી ભથ્થું ૬૩ ટકા સુધી વધવાની શક્યતા છે.

જુલાઈ મહિના માટે મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની જાહેરાત સામાન્ય રીતે દિવાળીની નજીક કરવામાં આવે છે. ગયા વર્ષે પણ તહેવારના થોડા દિવસો પહેલા વધારો જાહેર ક

રવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર ઓક્ટોબર અથવા નવેમ્બરમાં જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે DA વધારાની જાહેરાત કરી શકે છે.

# મણિપુરમાં હિંસા ફાટી નીકળી

(જી.એન.એસ) તા. ૧૩

કાંગપોકપી, મણિપુરના કાંગપોકપી જિલ્લામાં એક નાગા ગામમાં અજાણ્યા સશસ્ત્ર બદમાશોએ કથિત રીતે ગોળીબાર કરીને આગ લગાવી દીધી હતી, આ ઘટનાથી વાકેફ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના મંગળવારે રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ તુમનૌપોકપી થાંગલ ગામ નજીક ટોકપા લિયાંગમાઈ નાગા ગામમાં બની હતી, તેમણે ઉમેર્યું હતું કે નજીકના ગામોના રહેવાસીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આગને કાબૂમાં લેવામાં મદદ કરી હતી, જ્યારે વિસ્તારમાં વધારાના સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.

ટોકપા નાગા ગામ સત્તાવાળા દ્વારા બુધવારે જારી કરાયેલા એક નિવેદનમાં કથિત સશસ્ત્ર હુમલા અને આગચંપીની નિંદા કરવામાં આવી હતી.

"...હુમલાખોરોએ આડેધડ ગોળીબાર કર્યો હતો અને નવ રહેણાંક મકાનો, એક ચર્ચ અને અન્ય મિલકતોને આગ લગાવી હતી જેના કારણે વ્યાપક નુકસાન થયું હતું અને અસરગ્રસ્ત પરિવારોને વિસ્થાપિત કરવામાં આવ્યા હતા," નિવેદનમાં જણાવાયું છે.

ઝઈ઼હ્વ, પોલીસે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી ન હતી

ગ્રામ્ય સત્તાવાળાઓએ આરોપ લગાવ્યો હતો કે ઘટના સ્થળ નજીક કાલાફર હાઈ સ્કૂલમાં તૈનાત ઝઈ઼હ્વ કર્મચારીઓ અને કાંગપોકપી પોલીસે વારંવાર અપીલ કરવા છતાં તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.

તેમણે હ્વૈંઈ અને તપાસ, ગ્રામજનો માટે પૂરતી સુરક્ષા અને અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત, પુનર્વસન અને વળતરની માંગ કરી.

મણિપુરની લિયાંગમાઈ નાગા કાઉન્સિલે પણ આ ઘટનાની નિંદા કરી અને આરોપ લગાવ્યો કે હુમલા પાછળ અન્ય સમુદાયના સશસ્ત્ર માણસોનો હાથ છે. પરિષદે સરકાર અને સુરક્ષા અધિકારીઓને તાકીદ અને નિષ્પક્ષતાથી કાર્યવાહી કરવા વિનંતી કરી.

જિલ્લામાં કુકી-ઝો અને નાગા સમુદાયો વચ્ચે વધતા તણાવ વચ્ચે આ ઘટના બની છે.

શસ્ત્રો, દારૂગોળો, વિસ્ફોટકો મળી આવ્યા

મણિપુરમાં સુરક્ષા દળો અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓએ ૫ ફેબ્રુઆરીથી ૧૧ ઓગસ્ટ સુધી કુલ ૧,૪૨૨ હથિયારો; ૭,૦૧૦ રાઉન્ડ દારૂગોળો અને ૧,૧૩૭

વિવિધ વિસ્ફોટકો જપ્ત કર્યા છે, રાજ્ય સરકારે બુધવારે જણાવ્યું હતું કે હિંસાગ્રસ્ત રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવાના હેતુથી સતત રાજકીય સંપર્કની સાથે સુરક્ષા કામગીરીમાં વધારો કરવામાં આવ્યો છે.

## ધરમપુરમાં વરસાદ વચ્ચે ભવ્ય તિરંગા યાત્રા નીકળી



**ધરમપુર, તા. ૧૩ :** દેશપ્રેમ અને તિરંગા પ્રત્યેના ગૌરવ સાથે આજરોજ ધરમપુર શહેરમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. વરસાદ વચ્ચે પણ છત્રી અને રેઈનકોટ સાથે મોટી સંખ્યામાં નગરજનો, યુવાનો, બાળકો અને વિદ્યાર્થીઓ તિરંગા સાથે યાત્રામાં જોડાયા હતા. ત્રણ દરવાજાથી શરૂ થયેલી યાત્રા નગરપાલિકા કચેરી, એસટી ડેપો, કુમારશાળા, લક્ષ્મીનારાયણ મંદિર, ટાવર, સમડી ચોક અને હાથીખાના સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. દરમિયાન 'ભારત માતા કી જય'ના નારા ગુંજી ઉઠ્યા હતા અને વિવિધ સ્થળોએ નગરજનો દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રામાં ભાજપ જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તાલુકા પ્રમુખ શંકુતલાબેન, ધરમપુર પ્રાંત અધિકારી, મામલતદાર એચ એમ ધોળીયા, ભાજપ આદિજાતિ મહામંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, તાલુકા પ્રમુખ કેતનભાઈ વાઢુ, નગરપાલિકા પ્રમુખ મયંકભાઈ મોદી, અમિતભાઈ ચોરેરા, શિક્ષણ ચેરમેન નરેશભાઈ પટેલ, શહેર મહામંત્રી અક્ષયભાઈ ચૌધરી, પાલિકા ઉપપ્રમુખ ઉમાબેન, બાંધકામ ચેરમેન સમીપભાઈ રાચ, પૂર્વ જિલ્લા મહામંત્રી ગણેશભાઈ બિરારી સહિતના આગેવાનો, નગરપાલિકાના સભ્યો અને ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકામાં વાવ ચોકડી સર્કલથી બિરસા મુંડા સર્કલ થઈ કરજવેરી બોર્ડર પેટ્રોલ પંપ સુધી પણ તિરંગા યાત્રા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વરસાદ વચ્ચે યોજાયેલી બંને યાત્રાઓમાં દેશપ્રેમ અને રાષ્ટ્રની એકતાનો સંદેશ જોવા મળ્યો હતો.

## વાપીમાં શ્રાવણમાં મેઘરાજાના સરવરિયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી પંથકમાં આ વર્ષે શ્રાવણ મહિનામાં મેઘરાજાની રમઝટ જોવા મળી રહી છે. જુલાઈ મહિનાના અંતમાં ૨૨ અને ૨૩ તારીખે માત્ર બે જ દિવસમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો અને ૨૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ત્યારબાદ ૧ ઓગસ્ટના રોજ આશરે ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારપછી છેલ્લા ૧૨ દિવસથી વરસાદનું જોર ઘટી ગયું છે અને ઝરમર-ઝરમર વરસાદ જ પડી રહ્યો છે. ગત ૧૨ દિવસમાં વરસાદ નહિવત રહ્યો છે. વાપી કંટ્રોલ વિભાગના આંકડા મુજબ આ સિઝનમાં અત્યાર સુધીમાં વાપી પંથકમાં કુલ ૮૫ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જુલાઈના અંતમાં પડેલા ભારે વરસાદને કારણે જ સિઝનનો આંકડો ઊંચો ગયો છે. હાલમાં વાતાવરણમાં ઠંડક રહી પ્રસરી ગઈ છે અને આકાશમાં વાદળો છવાયેલા રહે છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ફરીથી મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. જોકે છેલ્લા ૧૨ દિવસથી વરસાદ ઓછો હોવાથી નદી-નાળાઓમાં પાણીની સપાટીમાં થોડો ઘટાડો નોંધાયો છે.

## વલસાડમાં ચીફ ઓફિસરના નામે લેભાગુ તત્વો ચરવા માંડયા

### સોસાયટીની સ્ટ્રીટલાઈટ કાપવાનો ઓર્ડર સી.ઓ.એ આપ્યો જ ન હતો!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલી અક્ષરધામ સોસાયટીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નગરપાલિકાના ચીફ ઓફિસર ના ખોટા નામે સોસાયટીની સ્ટ્રીટ લાઈટો કાપી નાખવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સોસાયટીના જાગૃત રહીશો આજરોજ નગરપાલિકા માં મોરચો માંડી રજૂઆતના પગલે સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટી ગયો છે.

વલસાડ જિલ્લામાં ૨૩મી જુલાઈના રોજ ભારે વરસાદના પગલે આવેલા પૂરના કારણે ભારે નુકસાન થવા પામ્યું હતું.જેમાં વલસાડના મોગરાવાડીમાં આવેલ અક્ષરધામ સોસાયટીની પાછળ આવેલી દીવાલ તૂટી ગઈ હોવાથી અવારનવાર સાપ, અજગર જેવા ઝેરી અને જંગલી જીવો સોસાયટીમાં આવી ચડતા હોય છે. રહીશોની સુરક્ષા અને અંધારાના ભયથી બચવા માટે સ્થાનિકોએ પોતાના ખર્ચે અને પ્રયાસોથી સ્ટ્રીટ લાઈટો લગાવી હતી.

પરંતુ, ગત દિવસે કેટલાક શખ્સો સોસાયટીમાં આવીને ચીફ ઓફિસરનો ઓર્ડર છે તેવું બહાનું બતાવીને આ સ્ટ્રીટ લાઈટો કાપવા લાગ્યા હતા. આ ઘટનાથી અજાણ રહીશોએ તાત્કાલિક એકઠા થઈને વિરોધ નોંધાવ્યો હતો અને બાબત શંકાસ્પદ જણાતાં મોટી સંખ્યામાં રહીશો નગરપાલિકા કચેરી એ મોરચો માંડ્યો હતો. સોસાયટીના રહીશોએ જ્યારે પાલિકા ચીફ ઓફિસર સમક્ષ રૂબરૂ રજૂઆત કરી, ત્યારે અધિકારી પણ ચોંકી ઉઠ્યા હતા. ચીફ ઓફિસરે સ્પષ્ટતા કરી હતી કે પાલિકા દ્વારા લાઈટ કાપવાનો આવો કોઈ જ આદેશ આપવામાં આવ્યો નથી અને કોઈ અસામાજિક કે અનધિકૃત વ્યક્તિએ ખોટી અરજી આપીને આ કારસો રચ્યો હતો. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ચીફ ઓફિસરે તુરંત જ લાઈટ કાપવા ગયેલા જવાબદારોને આકરા શબ્દોમાં ફટકારી, સોસાયટીની તમામ કાપી નાખેલી લાઈટો તાત્કાલિક ધોરણે પૂર્વવત્ લગાવીને ચાલુ કરી દેવાનો આદેશ આપ્યો છે. પાલિકાના કડક વલણ બાદ સોસાયટીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

## નાનાપોઢા અને કપરાડામાં 'હર ઘર તિરંગા' યાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૧૩ :** સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રસરાવવા નાનાપોઢા અને કપરાડા તાલુકામાં 'હર ઘર તિરંગા' યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની આગેવાની હેઠળ યોજાયેલી યાત્રામાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તિરંગા યાત્રામાં લોકો હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને ઉત્સાહભેર જોડાયા હતા. ભારત માતા કી જયના નારા સાથે સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગે રંગાઈ ગયો હતો. વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે યાત્રામાં ભાગ લીધો હતો. વરસાદી માહોલ વચ્ચે પણ વિદ્યાર્થીઓ અને નાગરિકોના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નહોતો. યાત્રા દરમિયાન આગેવાનો અને અધિકારીઓએ લોકોને પોતાના ઘરો પર તિરંગો ફરકાવવા તથા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં સક્રિય ભાગ લેવા અપીલ કરી હતી. 'હર ઘર તિરંગા' અભિયાનનો હેતુ રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના વધારવાની સાથે રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમનો સંદેશ દરેક ઘર સુધી પહોંચાડવાનો છે.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિવસનો વલસાડ જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ આ વર્ષે નાનાપોઢા ખાતે યોજાઈ રહ્યો છે. આ સમગ્ર વલસાડ જિલ્લા માટે ગૌરવની બાબત છે. દેશની આઝાદી માટે સ્વાતંત્ર્ય સેનાનીઓએ આપેલા બલિદાનને યાદ કરીને રાષ્ટ્રના વિકાસમાં સૌએ પોતાનું યોગદાન આપવું જોઈએ.

નાનાપોઢા અને કપરાડામાં યોજાયેલી તિરંગા યાત્રામાં વિવિધ વર્ગોના લોકોની વિશાળ ભાગીદારીથી સમગ્ર વિસ્તારમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. આગામી ૧૫ ઓગસ્ટના જિલ્લા કક્ષાના કાર્યક્રમને લઈને પણ લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## આહવામાં ફોરેસ્ટ ખાતાના કર્મચારીઓ પર હુમલો કરનાર ૭ને સજા અને દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગ હસ્તકની ગલકુંડ રેંજનાં ફોરેસ્ટ ખાતાના સરકારી કર્મચારીઓની ફરજમાં રૂકાવટ કરી તેમના પર હુમલો કરી ઈજાઓ પહોંચાડવાના ગંભીર ગુનામાં આહવા જે.એમ.એફ.સી. કોર્ટે સાત આરોપીઓને બે વર્ષ અને બે માસની સખત કેદની સજા તથા પ્રત્યેકને રૂ. ૧,૫૦૦/- નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.મળતી વિગતો અનુસાર, આરોપીઓ (૧)કીશનભાઈ ગણાપતભાઈ ઠાકરે, (૨) વિષ્ણુભાઈ ગણાપતભાઈ ઠાકરે, (૩) મધુભાઈ મનસ્યાભાઈ ઠાકરે (૪) મનસ્યાભાઈ રમણભાઈ ગાવીત (૫) સખારામ મનસ્યાભાઈ ઠાકરે, (૬) બુધ્યાભાઈ રામુભાઈ દામુભાઈ બરડે તથા (૭) બુધ્યાભાઈ સોમનભાઈ ઠાકરેનાઓ ડાંગ જિલ્લાની ગલકુંડ રેન્જનાં કમ્પાટમેન્ટ નં. ૨૨૬ અને ૨૨૯ માંથી તા. ૨૬/૦૬/૨૦૧૯ ના રોજ સાગી લાકડાં લઈને આવતા હોવાની બાતમી મળતા, ફરિયાદી ગોપાળભાઈ મનુભાઈ ભોયે રોજમદારો સાથે સ્થળ પર ગયા હતા.આ આરોપીઓ સાગી લાકડા નંગ-૮ ફેંકીને નાસી ગયા હતા.જેથી ફોરેસ્ટ ખાતાની ટીમે તે સાગી લાકડા સરકારી વાહનમાં ભરીને ગલકુંડ રેન્જ તરફ લઈ જઈ રહ્યા હતા. તે સમયે ગોટાના ઈહિર નામની જગ્યાએ આરોપીઓએ રસ્તો રોકી, ગાલીગલોચ કરી ફરિયાદીને કુહાડીના દંડા મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત અન્ય સહ-કર્મચારીઓને પણ દંડાથી સપાટા મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગેનો કેસ આહવા જે.એમ.એફ.સી. કોર્ટમાં વાય. પી. યાદવની કોર્ટમાં ચાલી જતા, આહવાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વાય. પી. યાદવે સરકારી વકીલની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાને લઈ તમામ સાતેય આરોપીઓને દોષિત ઠેરવી બે વર્ષ અને બે માસની સજા તથા દરેકને રૂ. ૧,૫૦૦/- નો દંડ કરવાનો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ સુરેશભાઈ એચ.કોંકણીએ સફળતાપૂર્વક કેસ ચલાવી ધારદાર દલીલો કરી હતી.

## બલવાડામાં ખોટી સહી કરી 3 કાકાભાઈઓ સાથે છેતરપિંડી કરતાં પોલીસ ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૩ :** ચીખલી તાલુકાના બલવાડા ગામે કાકા ભાઈઓ દ્વારા વડીલો પાર્જીત જમીનને જરાયતમાંથી બાગાયતમાં કરવા માટે એક ભાઈની ખોટી સહી કરી જેનો સાચા તરીકે ઉપયોગ કરી હોવાની હકીકત ભાઈને ખબર પડતા જેણે ત્રણ કાકા ભાઈઓ સામે ચીખલી પોલીસ મથકમાં છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાવી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના બલવાડા નિશાળ ફળિયા તા.ચીખલી ખાતે રહેતા સુમન રવજી પટેલ જેની વડીલો પાર્જીત જમીન જેનો ખાતા નંબર ૧૪૯ બ્લોક નંબર ૧૦૯ વાળી જમીન જે કાકા ભાઈઓ વચ્ચે મૌખિક રીતે ભાગ પડેલા છે જે જમીનને જરાયતમાંથી બાગાયતમાં ફેરવવા માટે કાકા ભાઈ ના દીકરા સંજય બાવા પટેલ, હિંમતબાવા પટેલ તથા વિનોદ સુખા પટેલ તમામ રહે બલવાડા નિશાળ ફળીયા તા. ચીખલી આ તમામે એકબીજા ના મેળાપીપળામાં સુમન રવજી પટેલની કોઈપણ જાતની સંમતિ વગર સમુન રવજી પટેલના આધાર કાર્ડ રજૂ કરી અને તેમાં નીચે ખોટી સહી કરી જેનો સાચા તરીકે ઉપયોગ કરી ચીખલી તાલુકા મામલતદાર કચેરીમાં અરજી કરી હતી. જેની જાણ ઘણા સમય બાદ સુમન રવજી પટેલને ખબર પડતા જેણે ચીખલી તાલુકા મામલતદાર કચેરીમાં આરટીઆઇ કરી માહિતી મેળવી હતી.

જોકે સુમન રવજી પટેલ જેને તારીખ ૧૫. ૧૨. ૧૯૯૦ ના રોજ વીજ કરંટ લાગેલો હોય જે બંને હાથે સહી કે અંગૂઠો પણ કરી શકે તેવી સ્થિતિમાં રહ્યો નથી અને તેનું સર્ટિફિકેટ પણ નવસારી સિવિલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવ્યું છે ત્યારે આ ત્રણ ભાઈઓએ કરેલું પરાક્રમ બહાર આવતા સુમન રવજી પટેલે આ ત્રણ ભાઈઓ વિરુંધ ચીખલી પોલીસમાં ફરિયાદ કરતા બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીઆઈ પી.બી પટેલિયાએ હાથ ધરી છે.

## ધગડમાળની ઈંગ્લિશ મીડિયમ સ્કુલ સામે ગેરરીતીની રજુઆત બાદ તપાસના આદેશ

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં આવેલ ધગડમાળ ગામની કે.બી.આર. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની માન્યતા અને તેમાં ચાલતી ગેરરીતિઓ બાબતે ઉચ્ચ સ્તરે તપાસના આદેશ છૂટતાં શિક્ષણ આલમમાં ખળભળાટ મચી ગયો છે. વિસ્તારના એક અરજદારે તા. ૦૪/૦૬/૨૦૨૬ના રોજ શાળાની માન્યતા અને વિવિધ ગેરરીતિઓ અંગે ગાંધીનગર ખાતે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈને ગાંધીનગર સ્થિત નાયબ શિક્ષણ નિયામક દ્વારા વલસાડના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (જિલ્લા શિક્ષણ સમિતિ) ને તાત્કાલિક ધોરણે નિયમાનુસાર કાર્યવાહી કરવા પત્ર પાઠવવામાં આવ્યો છે.

ગાંધીનગર કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ રજૂઆત પરત્વે યોગ્ય ચકાસણી કરી તાત્કાલિક ધોરણે નિયમાનુસાર તપાસ હાથ ધરવી. તેમજ આ અંગેનો તપાસ અહેવાલ ગાંધીનગર કચેરીને તથા રજૂઆત કરનાર અરજદારને મોકલી આપવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે. આ આદેશ બાદ હવે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે અને તપાસમાં શું બહાર આવે છે તેના પર સૌની નજર ટકેલી છે.

## પશ્ચિમ રેલ્વેએ નવસારી ખાતે ટ્રેન નંબર ૧૨૯૩૩/૧૨૯૩૪ કર્ણાવતી એક્સપ્રેસને વધારાનો સ્ટોપેજ પૂરો પાડ્યો

| ૧૨૯૩૩ બાંદ્રા (ટી) - વટવા કર્ણાવતી એક્સપ્રેસ W.E.F ૧૪.૦૮.૨૦૨૬ | સ્ટેશન | ૧૨૯૩૪ અમદાવાદ - બાંદ્રા (ટી) કર્ણાવતી એક્સપ્રેસ W.E.F ૧૫.૦૮.૨૦૨૬ |
|---|---|---|
| સમય | | સમય |
| ૧૬:૧૮(એ) - ૧૬:૨૦ (ડી) | વલસાડ | ૦૯:૦૮(એ) - ૦૯:૧૦ (ડી) |
| ૧૬:૪૧(એ) - ૧૬:૪૩ (ડી) | નવસારી | ૦૮:૨૫(એ) - ૦૮:૨૭ (ડી) |
| ૧૭:૨૦(એ) - ૧૭:૨૩ (ડી) | સુરત | ૦૮:૦૦(એ) - ૦૮:૦૩ (ડી) |

- અન્ય સ્ટેશનો પર સ્ટોપના સમયમાં કોઈ ફેરફાર થશે નહીં.
- નવસારી સ્ટેશન પર રોકાવાની વ્યવસ્થા પ્રાયોગિક ધોરણે છે.
- વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov. in ની મુલાકાત લઈ શકે છે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક ફલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

## પશ્ચિમ રેલ્વે ગણપતિ સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રીપ દોડાવાશે

| ટ્રેન | પ્રસ્થાન | ગંતવ્ય | દોડાવાના | દોડાવવાની તારીખ |
|---|---|---|---|---|
| ૦૯૧૧૪ | વડોદરા | રત્નાગીરી | મંગળવાર | ૦૮.૦૯.૨૦૨૬ ૨૨.૦૯.૨૦૨૬ |
| ૦૯૧૧૩ | રત્નાગીરી | વડોદરા | બુધવાર | ૦૯.૦૯.૨૦૨૬ ૨૩.૦૯.૨૦૨૬ |
| ૦૯૧૧૦ | વિશ્વામિત્રી | રત્નાગીરી | બુધવાર | ૦૯.૦૯.૨૦૨૬ |
| ૦૯૧૦૯ | રત્નાગીરી | વિશ્વામિત્રી | ગુરુવાર | ૧૦.૦૯.૨૦૨૬ |
| ૦૯૧૨૪ | વિશ્વામિત્રી | રત્નાગીરી | સોમવાર | ૦૭.૦૯.૨૦૨૬ |
| ૦૯૧૨૩ | રત્નાગીરી | વિશ્વામિત્રી | સોમવાર | ૦૭.૦૯.૨૦૨૬ |
| ૦૯૦૨૨ | ઉધના | રત્નાગીરી | ગુરુવાર | ૧૦.૦૯.૨૦૨૬ |
| ૦૯૦૨૧ | રત્નાગીરી | ઉધના | ગુરુવાર | ૧૦.૦૯.૨૦૨૬ |
| ૦૯૦૩૦ | વલસાડ | રત્નાગીરી | સોમવાર | ૦૭.૦૯.૨૦૨૬ |
| ૦૯૦૨૯ | રત્નાગીરી | વલસાડ | મંગળવાર | ૦૮.૦૯.૨૦૨૬ |

સમય,રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી https://enquiry.indianrail.gov.in/mntes/ ની મુલાકાત લેવા વિનંતી.

ટ્રેન નંબર ૦૯૧૧૪, ૦૯૧૧૦, ૦૯૧૨૪, ૦૯૦૨૨ અને ૦૯૦30ની વધારાની ટ્રિપ્સ માટે બુકિંગ ૧૫.૦૮.૨૦૨૬ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક ફલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial


તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો


No.MAM/KNVL/RBD-DNH/194/2026/1066 Dated: 31/07/2026

**APPLICANT - SHRI SURESHBHAI SONYABHAI SABTA, R/o. Bhurkudpada, Shelti, DNH**
**Mob.: 9574424913/7203041501**

**V/S**

**OPPONENTS - Registrar of Birth & Death, Rudana.**

**NOTICE**

The public to take note that applicant Shri Sureshbhai Sonyabhai Sabta, R/o. Bhurkudpada, Shelti, DNH has applied for registration of the birth of himself Sureshbhai Sonyabhai Sabta, S/o. Januben Sonyabhai Sabta, who was born on 24/11/1983 at Paraspada, Rudana, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register birth of himself Sureshbhai Sonyabhai Sabta, S/o. Januben Sonyabhai Sabta.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Sircle Inspector**
**Dadra and Nagar Haveli, Khanvel**

## -:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે પંકજભાઈ જગલાભાઈ કોળી, ઠેકાણું : ૧૨૯, ફણસા-૬ ફળિયા, રાનર ફળિયા, ફણસા, તા. ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત સ્ટેટનાં નામ ઉપર માલીકી હક્કે ચાલી આવેલ છે. અને સદર મીલ્કત ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

જેથી નીચેના ''શિડ્યુલ''માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસીધ્ધ થયે દિન-૭ (સાત)માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.

**-:: શિડ્યુલ ::-**

વલસાડ ડીસ્ટ્રીક્ટના રજી. સબ ડીસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાના મોજે ''કલગામ'' ગામે ખાતા નંબર : ૧૨૪૫થી ચાલી આવેલ ખેતીના.....

| જુનો સર્વે નંબર | ક્ષેત્રફળ ચો.મી.માં | રી. સર્વે નંબર | પ્રમોલગેશન બાદનું ક્ષેત્રફળ ચો.મી.માં | આકાર રૂા.પૈસા |
|---|---|---|---|---|
| ૩૩/૯ | ૫૬૧૪.૦૦ | ૧૪૫ | ૫૭૪૯.૦૦ | ૦.૭૫ |

ના ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં આવવા-જવાના રસ્તાના હક્ક સહિત તથા તેને લગતા, લાગતા વળગતા અન્ય તમામ પ્રકારના હક્કો સહિત વાલી મીલકત.

**મુકેશ એમ. ઠુમર (એડવોકેટ)**
**ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર, ને.હા.નં.૮, વાપી - ૩૯૬ ૧૯૧, મો. નં. ૯૮૨૫૧૪૫૦૮૫**

No.MAM/SIL/RTS/RBD-DNH/189/Death/2026/4027 Dated:25/07/2026.

**APPLICANT - Sudhir Kumar Singh, Presently residing at- Deepakbhai's Chawl, room no.04, Chanandevi road, Amli, DNH. Mo 9638074400**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.**

**NOTICE**

The public to take note that the above, named applicant Sudhir Kumar Singh 's mother-in-law namely Santoshi, who died on 18/01/2018 at Amli, Silvassa, DNH. But due to inadvertence the above said death was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Counsil. Hence, the applicant has moved on application to pass an order to register death of Santoshi. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

No.MAM/SIL/RTS/RBD-DNH/153/Birth/2026/2992 Dated: 04/06/2026.

**APPLICANT - Babibhai Dhanjibhai Gavit, Presently residing at- Gangodapada, Randha, DNH. Mo.9879095685**

**V/s**

**OPPONENTS- The Registrar of Births & Deaths, Randha**

**NOTICE**

The public to take note that the above, named applicant Babibhai Dhanjibhai Gavit, who was born on 10/03/1976, at Gangodapada, Randha, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Randha. Hence, the applicant has moved on application to pass an order to register birth of Babibhai Dhanjibhai Gavit. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**


ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પેલક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬


Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

# દમણગંગા ટાઈમ્સ

## પારડીમાં 'ભારત વિભાજન અને સંકલ્પ' વિષય પર વ્યાખ્યાન

**વાપી, તા. ૧૩ :** સ્વાધ્યાય મંડળ સંચાલિત શ્રી બ્રહ્મર્ષિ સાતવળેકર સંસ્કૃત મહાવિદ્યાલય, કિલ્લા પારડી દ્વારા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ તા. ૧૪ ઓગસ્ટના રોજ 'ભારત વિભાજનની કરુણાંતિકા અને સંકલ્પ' વિષય પર વ્યાખ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ રાત્રે ૮ વાગ્યે પંડિત સાતવળેકર સભાગારમાં યોજાશે. રાષ્ટ્રસેવી અને સંઘ વિચારક મુકુંદભાઈ જોગીયા દ્વારા ઉદ્બોધન કરવામાં આવશે. મહાવિદ્યાલય અને સ્વાધ્યાય મંડળ પરિવાર દ્વારા કાર્યક્રમમાં સપરિવાર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

## દાંડીમાં ૧૫ ઓગસ્ટે 'શૌર્યગાથા' કાર્યક્રમ યોજાશે

**વાપી, તા.૧૩ :** દાંડી ખાતે આવેલા રાષ્ટ્રીય મીઠા સત્યાગ્રહ સ્મારક ખાતે ભારતની આઝાદીની ઉજવણી નિમિત્તે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે 'શૌર્યગાથા' શૌર્ય ગીતોનો વિશેષ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં દેશભક્તિ અને શૌર્યની ભાવનાને ઉજાગર કરતા ગીતોની રજૂઆત મેઘ મલ્હાર ગ્રુપ દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે નવસારીના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ મનીષ ગુરવાની, IASની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે યોજાનાર આ કાર્યક્રમમાં દેશભક્તિની ભાવનાને વેગ આપતી વિવિધ સંગીતમય કાર્યક્રમ રજૂ થશે.

# વાપીમાં ચાલુ વરસાદે ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ







**વાપીમાં વરસાદ સાથે દેશભકિત પણ વરસી : ૪ કિ.મી. લાંબી જિલ્લાકક્ષાની ભવ્ય તિરંગા યાત્રામાં કેબિનેટમંત્રી, જિલ્લા કલેકટર, વાપી મનપા કમિશ્નર, જિલ્લા પોલીસવડા, જિલ્લા વિકાસ અધિકારી, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ સહિત ૪૫૦૦થી વધુ લોકો જોડાયા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપીમાં જિલ્લા વહીવટી તંત્ર અને વાપી મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ચાર કિલોમીટર લાંબી યાત્રામાં ભર વરસાદ વચ્ચે પણ ૨૫ શાળાના ૩,૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને નગરજનો મળી કુલ ૪,૫૦૦થી વધુ લોકો ઉત્સાહભેર જોડાયા હતા.

શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી સવારે ૯ વાગ્યે પ્રારંભ થયેલી તિરંગા યાત્રાને મંત્રી કનુભાઈ દેસાઈ સહિતના મહાનુભાવોએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. યાત્રા વંદે માતરમ ચોક, રોટરી સર્કલ અને માં ફાઉન્ડેશન સર્કલ થઈ શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન ખાતે પૂર્ણ થઈ હતી.

યાત્રા દરમિયાન સમગ્ર રૂટ પર વાપીવાસીઓએ ઠેરઠેર પુષ્પવર્ષા કરી યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. 'ભારત માતા કી જય', 'વંદે માતરમ' અને 'જય હિંદ'ના ગગનભેદી નારાઓથી સમગ્ર વાપી ગુંજી ઉઠ્યું હતું. વરસાદની પરવા કર્યા વિના હાથમાં તિરંગો લઈને મોટી સંખ્યામાં જોડાયેલા વિદ્યાર્થીઓ અને નગરજનોના ઉત્સાહથી સમગ્ર શહેર તિરંગામય બની ગયું હતું.પોલીસ બેન્ડ, ઘોડેસવાર જવાનો અને બુલેટ રાઈડર્સે વધાર્યું આકર્ષણ

તિરંગા યાત્રામાં પોલીસ બેન્ડ, ઘોડેસવાર પોલીસ જવાનો તેમજ બુલેટ રાઈડર્સની ટીમ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. દેશભક્તિના ગીતો અને રાષ્ટ્રધ્વજ સાથે આગળ વધતી યાત્રાએ શહેરમાં રાષ્ટ્રપ્રેમની લાગણી વધુ પ્રબળ બનાવી હતી.

વલસાડ જિલ્લામાં દર વર્ષે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્વે યુવા પેઢી આઝાદીના મૂલ્યને સમજે તે માટે આ વર્ષે વાપીમાં યોજાયેલી યાત્રા સાથે 'વંદે માતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની પણ ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ૮૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાયેલી જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા બદલ વાપી મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર અભિનંદનને પાત્ર છે. ભર વરસાદ વચ્ચે પણ વાપીવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે, જે રાષ્ટ્ર પ્રત્યેના તેમના અદમ્ય પ્રેમની સાક્ષી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તિરંગાને માત્ર સરકારી કચેરીઓ અને વિશિષ્ટ સ્થળો પૂરતો મર્યાદિત ન રાખી સામાન્ય નાગરિક પણ ગૌરવ અને શાનથી રાષ્ટ્રધ્વજ લહેરાવી શકે તેવું વાતાવરણ ઊભું કર્યું છે. આ બદલ તેમણે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ભવ્ય રાષ્ટ્રીય કાર્યક્રમમાં વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, વાપી મનપા કમિશનર એન.એફ. ચૌધરી, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંત કંસારા, મહામંત્રી કમલેશ પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાપીવાસીઓ જોડાયા હતા.

## વાપીમાં ભરૂચના ફોટોગ્રાફરને ઓનલાઈન કેમેરો વેચવો ભારે પડ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૩ :** વાપીમાં ભરૂચના એક ફોટોગ્રાફર સાથે સુરતના એક શખ્સે વિશ્વાસમાં લઈ ૧.૪૦ લાખનો કેમેરા અને તેનો સામાન લઈ છેતરપિંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે વાપી જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદી અમિત મહેન્દ્રભાઈ મહંત, રહે. ઘોડેશ્વર મહાદેવ મંદિર પાસે, આડેશ્વર, ભરૂચ, છેલ્લા ૨૦૧૬થી ફોટોગ્રાફર તરીકે કામ કરે છે. ગત તા. ૨૭/૦૫/૨૦૨૬ના રોજ તેમણે પોતાનો કેનન કંપનીનો R6 Mark 22 કેમેરો ઓનલાઈન વેચવા માટે મૂક્યો હતો. તે દરમિયાન મો. નં. ૯૧૩૩૬૪૯૭૪૪ પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. સામેવાળા શખ્સે પોતાનું નામ અમીન ઓલપાડાવાલા, રહે. સલાબતપુરા, સુરત હોવાનું જણાવ્યું હતું. અમીને કેમેરાના ફોટા મંગાવ્યા બાદ ૧.૮૫ લાખમાં કેમેરો ખરીદવાની વાત કરી હતી. પૈસાની જરૂર હોવાથી અમિત તેના માટે તૈયાર થયો. ત્યારબાદ અમીને કેમેરો ચેક કરવા વાપી રેલવે સ્ટેશન પાસે આવવા કહ્યું. તા. ૧૦/૦૬/૨૦૨૬ના રોજ સવારે સવા નવ વાગ્યે અમિત તેના ભત્રીજા વિવેકભાઈ સાથે વાપી રેલવે સ્ટેશન પહોંચ્યો હતો. અમીન ત્યાં આવ્યો અને કહ્યું કે વાપી ક્રોમા શોરૂમ પાસે કેમેરો ચેક કરવો પડશે. વિશ્વાસમાં લઈ તે અમિત પાસેથી બે બેગમાં રાખેલ કેન R6 Mark 22 કેમેરો, લેન્સ, ૪ બેટરી, કેમેરાનો બોક્સ અને બીલ મળી કુલ ૧.૪૦ લાખનો સામાન લઈ ગયો. ૧૫ મિનિટ રાહ જોયા બાદ પણ તે પરત ન આવતા અમિતે ક્રોમા ખાતે CCTV ચેક કરાવતા તે ઉપરના માળેથી નીકળી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. બેગ ચેક કરતા તેમાં માત્ર ખાલી બોક્સ નીકળ્યા હતા. અમીને ફોન પણ સ્વિચ ઓફ કરી દીધો હતો. ફરિયાદીની ફરિયાદના આધારે પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ઉમરગામથી સિગારેટ ચોરી કરતી આંતરરાજ્ય ગેંગના બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ એલસીબી ટીમે બાતમી આધારે ઉમરગામ થી રાત્રીની ઘરફોડ કરી સિગારેટ ચોરી કરતી આંતરરાજય ગેંગના બે રીઢા ગુનેગારને ચોરીનાકુલ ૮.૪૫ લાખના મુદ્દામાલ સાથે બે આરોપીને ઝડપી પાડી વલસાડ જિલ્લામાં ના પાંચ જેટલા ગુનાઓ ઉકેલાયા છે.




એલસીબીને બાદમી મળી કે મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર માંથી કાર ચોરી કરી વલસાડ જિલ્લામાં રાત્રિ દરમિયાન ઘરફોડ કરી સિગારેટ ચોરી કરતી ગેંગ ફરતી છે જે આધારે ઉમરગામ વિસ્તારમાં વોચ ગોઠવી આરોપીઓ રામપાલ ઉર્ફે રામા હરીરામ પુણેશરામજી ચૌધરી ઉ.વ.૩૩ રહે, હાલ. પુણે મહારાષ્ટ્ર મુળ રહે. પાલી રાજસ્થાન અને મોહમદ રેહાન ઉર્ફે રાજા ઠાકુર ઉર્ફે રાજુ મરાઠે ઉર્ફે સંતોષ ભૈયા ઉર્ફે મુકેશ ચૌધરી આફતાબ શેખ ઉ.વ.૫૧ રહે, ભીવંડી ઈસ્ટ, મુંબઇ મહારાષ્ટ્ર નાઓને પકડી પાડી તેઓના કબજાની કિયા સોનેટ કાર નં. MH-12-WZ-7053 કિ.રૂ.૫,૦૦,૦૦૦ ની ડીકીમાંથી અલગ અલગ સીગરેટની બ્રાન્ડના પેકેટો નંગ-૮૭૩ કૂલ કિ.રૂ.૨,૦૦,૧૮૦ તથા કારની ડેશબોર્ડના ખાનામાં એક થેલીમાંથી રોકડા રૂ.૧,૩૫,૦૦૦ તથા મોબાઈલ મળી કુલ્લે કિ.રૂ.૮,૪૫,૧૮૦ ના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

પકડાયેલ આરોપીઓની પુછપરછમાં બે મહીના પહેલા મધ્યપ્રદેશ ઉજજૈનમાં એક સીગરેટની એજન્સીમાંથી પંદર લાખના સીગરેટની ચોરી કરેલ અને આ ચોરી કરવા પહેલા ઉજજૈન ખાતેથી એક XUV ૫૦૦ કાર તથા મન્દસૌરના દલોદામાંથી XUV ૩૦૦ કાર ની ચોરી કરી તેનો ઉપયોગ સીગરેટ ચોરી કરેલો, ચારેક મહીના પહેલા મહારાષ્ટ્ર પુને ગ્રામીણ વિસ્તારમાંથી ટાટા અલ્ટ્રોઝ કારની ચોરી, એમ.આઇ.ડી.સી. માંથી એક કારની નંબર પ્લેટની ચોરી કરેલાની હોવાનું જણાવ્યું હતું. જ્યારે પોલીસે વોન્ટેડ આરોપી મોહમદ રેહાન આફતાબ શેખ એ ઉમરગામ પોલીસ મથક, વાપી ટાઉન વાપી જીઆઈડીસી પોલીસ મથક, ના ગુના ઉકેલાયા છે.

## વલસાડ જિલ્લાની આશા વર્કર બહેનોને બે વર્ષની બાકી રકમ ચુકવવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દિવસ-રાત સેવાઓ આપતી આશા વર્કર બહેનોને છેલ્લા બે વર્ષથી તેમની કામગીરીનું પ્રોત્સાહક રકમ અને મહેનતાણું ન મળતા તેમની આર્થિક સ્થિતિ અત્યંત ગંભીર બનતા જે બાબતે મહિલા શક્તિ સેના દ્વારા વલસાડ ડી.ડી.ઓ. અને સી. ડી. એચ. ઓ. ને લેખિતમાં આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક ચૂકવણું કરવા રજૂઆત કરવામાં આવી છે.

મહિલા શક્તિ સેના દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રામાં આશા વર્કર બહેનો છે. વાડાના અને ડુંગરાળ વિસ્તારો સુધી સરકારની વિવિધ આરોગ્ય યોજનાઓ પહોંચાડવાનું મહત્વપૂર્ણ કામ કરી રહી છે. તેઓ આધાર કાર્ડ સંબંધિત કામગીરી, આભા કાર્ડ બનાવવાની કામગીરી, ભ્ભ્ઝ્ઝ યોજનાના ફોર્મ ભરાવવા, ટીબી સંબંધિત માહિતી એકત્ર કરવી તેમજ ઘરે-ઘરે જઈને આરોગ્ય સંભાળ પૂરી પાડવાનું કામ કરે છે.

મોંઘવારીના આ સમયમાં અને હાલ નવી શૈક્ષણિક સત્ર શરૂ થતાં બાળકોની ફી, પુસ્તકો અને ગણવેશના ખર્ચને પહોંચી વળવામાં આશા વર્કર બહેનો અને તેમના પરિવારને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બહેનોની છેલ્લા બે વર્ષથી બાકી નીકળતી પ્રોત્સાહક રકમ અને મહેનતાણું ત્વરિત ચૂકવવામાં આવે, બાકી રકમની તાલુકાવાર અને આશા વર્કરવાર વિગતો તૈયાર કરી સરકારી ખાતામાં જમા કરવામાં આવે, જે માટે કરવામાં આવેલી કાર્યવાહી અંગે સંસ્થાઓને લેખિતમાં જવાબ આપવામાં આવે. આ અંગે તંત્ર દ્વારા તાત્કાલિક અને હકારાત્મક પગલાં ભરવામાં આવે તેવી આશા વર્કર બહેનો અને સંગઠન દ્વારા આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે.

### શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે

## વલસાડનાં તડકેશ્વર મહાદેવ મંદિરે ભક્તોની ભીડ ઉમટી

**વલસાડ, તા. ૧૩ :** આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ સમગ્ર વલસાડ જિલ્લો શિવમય બની ગયો છે. શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે જ વહેલી સવારથી વલસાડ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા તમામ શિવાલયોમાં શિવભક્તોનું વિશાળ જનમેદની ઉમટી પડી હતી.



વલસાડના અબ્રામા તડકેશ્વર માં આવેલ પ્રખ્યાત શ્રી તડકેશ્વર મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી જ શિવભક્તોની દર્શન માટે લાંબી કતારો જોવા મળી હતી. હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાય ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક મહાદેવજી પર જળાભિષેક, દુગ્ધાભિષેક તેમજ બિલિપત્ર અર્પણ કરી પૂજા-અર્ચના કરી હતી. અબ્રામાના તડકેશ્વર મહાદેવ ઉપરાંત શહેરના અન્ય શિવ મંદિરો તેમજ ગ્રામીણ વિસ્તારોના નાના-મોટા તમામ મહાદેવ મંદિરોમાં પણ સવારથી જ ભક્તો દર્શન અને પૂજા-અર્ચના માટે પહોંચી ગયા હતા.

## છીરીમાં જુની અદાવતે મહિલા-દીકરી ઉપર ચાર ઈસમોનો હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૩ :** વાપીના હિરા નગર, છીરી ખાતે રહેતી એક મહિલા અને તેની દીકરી પર જૂના ઝઘડાની અદાવત રાખીને એક જ બિલ્ડિંગમાં રહેતા ૪ લોકોએ હુમલો કરી મારઝૂડ કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે વાપી પોલીસ મથકે ૪ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ રાજશ્રીદેવી રામભવન યાદવ નામની મહિલા પરિવાર સાથે આર.બી. બિલ્ડીંગ, રૂમ નં. ૨૦૭, હીરા નગર છુરીમાં રહે છે. તા. ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૯ઃ૧૭ વાગ્યાના સુમારે તેમની દીકરી ઘરના ઓટલા ઉપર કપડા સૂકવી રહી હતી. તે દરમિયાન બીજા માળે રહેતી સાનિયા સદામહુસેન ખાતુન નીચે આવીને દીકરીને જોવા લાગી હતી. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

થોડીવારમાં સાનિયાએ તેના ઘરના સભ્યોને બોલાવી લાવી ફરિયાદીના ઘરે આવી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ફરિયાદનો આક્ષેપ છે કે આ દરમિયાન સાનિયાના મામા શાહબુદીન મોહમ્મદનૈમ મીયાએ તેમને પકડી લીધા હતા. જ્યારે સાનિયા અને રુક્સાર મોહમ્મદનૈમ મીયાએ લાકડા અને મુક્કાથી માર માર્યો હતો. ત્યારબાદ સાનિયાની માતા શબનમ સદામહુસેન ખાતુને વાળ પકડીને નીચે પાડીને પણ માર માર્યો હતો.

બનાવ દરમિયાન બિલ્ડિંગના અન્ય લોકો ભેગા થઈ જતા આરોપીઓએ ફરિયાદીને વધુ માર મારતા બચાવી લીધા હતા. જતા-જતા આરોપીઓએ બીજીવાર મળશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકી પણ આપી હોવાનો આક્ષેપ છે. આ અંગે ફરિયાદીએ પોતાના ઓળખીતા સાથે વાપી ડુંગરા પોલીસ મથકે પહોંચી શાહબુદીન મોહમ્મદનૈમ મીયા, સાનિયા સદામહુસેન ખાતુન, રુક્સાર મોહમ્મદનૈમ મીયા અને શબનમ સદામહુસેન ખાતુન એમ ૪ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગાળો આપવા, મારમારી અને ધમકી આપવાના ગુનામાં તપાસ હાથ ધરી છે.

### ૧૩ વર્ષથી 'સાયલેન્સ ઝોન' માત્ર કાગળ પર

## વલસાડના હાલર ગૌરવપથ પર ડી.જે. અને ઘોંઘાટ સામે વહીવટી તંત્ર મૌન !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ શહેરના હાલર ગૌરવપથ વિસ્તારને 'સાયલેન્સ ઝોન' જાહેર કરાયાને ૧૩-૧૩ વર્ષ જેટલો લાંબો સમય વિતી ગયો હોવા છતાં, આજે પણ ત્યાં નિયમોના ધજાગરા ઊડી રહ્યા છે. વલસાડની જાણીતી હોસ્પિટલના મહિલા તબીબ ડૉ. શૈલજા મહસ્કર દ્વારા વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. ડૉ. શૈલજા મહસ્કરના જણાવ્યા મુજબ, ગૌરવપથ 'સાયલેન્સ ઝોન' હોવા છતાં આ રસ્તા પરથી?ગણેશ ઉત્સવ દરમિયાન આગમન અને વિસર્જનના મોટા અવાજે વાગતા ડી.જે., શાળા-કોલેજોની રેલીઓ લગ્નપ્રસંગોના વરઘોડા અને અન્ય ધાર્મિક કે સામાજિક સરઘસો બિન્દાસપણે ઘોંઘાટ સાથે પસાર થાય છે, જેનાથી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગંભીર દર્દીઓને ભારે તકલીફનો સામનો કરવો પડે છે.

આ મુદ્દાને લઈને મહિલા તબીબે વલસાડ જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર તેમજ જિલ્લા પોલીસ વડા સહિતના તમામ જવાબદાર વિભાગોમાં વારંવાર લેખિત રજૂઆતો કરી છે. છતાં પણ આજદિન સુધી કાગળ પરના આ 'સાયલેન્સ ઝોન'ના નિયમનો ભંગ કરનારાઓ સામે કોઈ જ કાયદાકીય કાર્યવાહી કે ફરિયાદ નોંધવામાં આવી નથી.

સ્થાનિક રહીશો અને હોસ્પિટલ તંત્ર હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે દર વખતે ચૂંટાઈ આવતા ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર અને પોલીસ તંત્રને શું આ સ્થિતિની જાણ જ નથી? જો જાહેર કરાયેલા 'સાયલેન્સ ઝોન'નું પાલન કરાવવાની તાકાત વહીવટી તંત્ર પાસે ન હોય, તો પછી આવા કાગળિયા નિર્ણયો કરવાનો અર્થ શો , માંગ છે કે દર્દીઓ અને નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાને રાખીને ગૌરવપથ પર ઘોંઘાટ કરતા ડી.જે. અને અવાજ પ્રદૂષણ સામે તાત્કાલિક ધોરણે કડક પગલાં ભરવામાં આવે.



### ચણોદમાં ઠાકોરજીને હિંડોળાનો શણગાર

ચણોદ કોલોની જય અંબે મહિલા મંડળ દ્વારા ૨૨ વર્ષથી ઠાકોરજીના હિંડોળા ઉત્સવ ઉજવવામાં આવે છે જેમાં રોજેરોજ અલગ અલગ ચીજ વસ્તુઓ થી ઠાકોરજીના હિંડોળા શણગારે છે. આ વખતે ચલણી નોટો અને સિક્કા થી શણગારેલ હિંડોળા આકર્ષણ નું કેન્દ્ર બન્યા છે. આ ઉત્સવ માં કાર્યકર્તા બહેનો મધુબેન, પારૂલબેન, વિજયાબેન વસંતબેન, વર્ષાબેન, રેખાબેન, અસ્મિતાબેન, રીનાબેન, સંગીતાબેન, કંચનબેન, મીનાબેન, તથા અનેક મહિલાઓ દ્વારા ખુબજ ઉત્સાહથી આ હિંડોળા ઉત્સવ ઉજવવામાં આવે છે અને અનેક ભક્તોને ઠાકોરજી ના હિંડોળા ના દર્શન નો લ્હાવો લઈને પાવન થાય છે.


## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. ચંદ્રકાન્ત મોહનલાલ મહેતા (બટુકભાઈ)**

**સ્વર્ગવાસ ૧૨/૦૮/૨૦૨૬**

**આપના સેવાકાર્યોથી સમાજને એક નવી દિશા અર્પી છે. જેની સુવાસ સદાય સૌના હૃદયમાં મહેકતી રહેશે. આપની સ્મૃતિ પરિવારજનો અને સ્નેહીજનો માટે સદાય અમૂલ્ય વારસો બની રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તથા પરિવારજનોને આ અપૂર્ણ ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી હૃદયપૂર્વકની ભાવભીની પ્રાર્થના.**

**લિ. લાયન્સ કલબ ઓફ ઉમરગામ પરિવાર**


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**